**જૈનાચાર્ય શ્રીજગચ્ચન્દ્રસૂરિ - સૂરિપદરૌપ્યવર્ષગ્રંથમાળા-પુષ્પ-૧**
**જે મે ગુરુ સયયમણુસાસયંતિ, તે હં ગુરું સયયં પૂયયામિ (દસવેયાલિયસુત્ત-૯/૧૧)**
**'જે ગુરુ મને સતત અનુશાસિત કરે છે તે ગુરુની હું અનવરત પૂજા કરું છું.'**

# સંવેગીપરંપરાકૃતિસંદોહ - ૧

**સંવેગીપરંપરા સંબંધી સાહિત્ય અને તપા. આ. શ્રીરામસૂરીશ્વરજી મહારાજ (ડહેલાવાળા) તથા તેઓશ્રીની ગુરુ - શિષ્ય પરંપરા વગેરે વિષયક સામગ્રીનું સંપાદન કરતી શ્રેણી**

પ્રેરક

પ.પૂ. તપાગચ્છાધિરાજ, આ.ભ. શ્રીમદ્વિજય **રામસૂરીશ્વરજી** મહારાજા (ડહેલાવાળા)નાં શિષ્યરત્ન 'સૂરિરામ' આજીવન અંતેવાસી, પ.પૂ. નિસ્પૃહશીલ આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય **જગચ્ચન્દ્રસૂરીશ્વરજી** મહારાજા (ડહેલાવાળા)

સંપાદક

**ગણિશીલચન્દ્રવિજય**

પ્રકાશક

## આ. શ્રીસુરેન્દ્રસૂરીશ્વરજી જૈન તત્ત્વજ્ઞાનશાળા
## અમદાવાદ - સુરત

**નામ** : **સંવેગીપરંપરાકૃતિસંદોહ - ૧**
**પ્રેરક** : પ.પૂ. આ.ભ. શ્રીજગચ્ચન્દ્રસૂરીશ્વરજી મહારાજા (ડહેલાવાળા)
**સંપાદક** : ગણિશીલચન્દ્રવિજય (ડહેલાવાળા)
**સહાયક** : મુનિનિર્ગ્રંથચન્દ્રવિજય (ડેહલાવાળા)
**પ્રકાશક** : આ. શ્રીસુરેન્દ્રસૂરીશ્વરજી જૈન તત્ત્વજ્ઞાન શાળા અમદાવાદ-સુરત
**આવૃત્તિ** : પ્રથમ
**નકલ** : ૩૦૦
**મૂલ્ય** : ૦૦
**પ્રકાશન વર્ષ** : વીર સં. ૨૫૪૯, વિ.સં. ૨૦૭૯ ઈ.સ. ૨૦૨૩
**પ્રકાશનતિથિ** : વૈશાખ-વદ-૧૦, રવિવાર, તા. ૧૪/૫/૨૦૨૩
આ શ્રીરામસૂરીશ્વરજી મહારાજા (ડહેલાવાળા)ની દીક્ષાતિથિ
**પૃષ્ઠ** : ૦૦
**JSBN N.** :
**મુદ્રક** : પાર્શ્વ પબ્લિકેશન - અમદાવાદ, M. 9879561216

## : પ્રાપ્તિસ્થાન :

### : અમદાવાદ :

**આ.શ્રીસુરેન્દ્રસૂરીશ્વરજી**
**જૈન તત્ત્વજ્ઞાન શાળા**
૧૨, શ્રેયાંશનાથ સોસાયટી,
ધરણીધર દેરાસર પાછળ, ગોદાવરી
રોડ, વાસણા અમદાવાદ - ૩૮૦૦૦
મો. ૯૫૧૨૨૩૪૩૧૧

### : મુંબઈ :

**સુરેશભાઇ કે. શાહ**
૩૦૧, સુરેશ સદન,
દોલનગર, રોડ નં. ૪
બોરીવલી (ઈસ્ટ)
મુંબઈ-૪૦૦૦૬૬
મો. ૯૮૧૯૧૮૯૫૭૩

### : સુરત :

**પં. શ્રીરવિવિજયજી જૈન પાઠશાળા**
A-૧૦૩/૧૦૪, વાસુદર્શન રેસીડેન્સી,
ૐકારસૂરિ આરાધનાભવનની બાજુમાં, પાલ, સુરત. મો. ૭૭૭૮૮૮૭૯૦૯

## : અગત્યની સૂચના :

આ પુસ્તિકા જ્ઞાનદ્રવ્યમાંથી પ્રકાશિત થયેલ હોવાથી ગૃહસ્થોએ સંપૂર્ણ મૂલ્ય ચૂકવી પછી વાંચન કરવું.

# સમર્પણ

મહાન્ ક્રિયોદ્ધારક

સુવિશુદ્ધચારિત્રધર્તા

સંવિગ્નશાખા પ્રવર્તક

અનાચાર ઉન્મૂલક

સિદ્ધાંતસંરક્ષણૈકદષ્ટા

અજોડ શિષ્ય-પ્રશિષ્યપરંપરાસર્જક

પરમપૂજ્ય

પરમદયાળુ

પંન્યાસશિરોમણિ

## શ્રીસત્યવિજયજી મહારાજનાં

પુનિતપાણીપદ્મોમાં

સાદર...

**સમર્પણ**

## પ્રકાશન લાભ

## સંવેગીપરંપરાકૃતિસંદોહ-૧ પ્રકાશનનાં સંપૂર્ણ લાભાર્થી

# શ્રી ધર્મવર્ધક ગેલેક્ષી જૈન સંઘ

અઠવાલાઈન્સ - સુરત

જ્ઞાનદ્રવ્યમાંથી

લાભ ગ્રહણ કરનાર

પુણ્યશાળી શ્રી સંઘની

# અંતરથી ભૂરિ ભૂરિ અનુમોદના

# સ્કેચ

# પૂ. ગુરુદેવશ્રી આશીર્વચન

# પ્રકાશકીય

પ.પૂ. તપાગચ્છાધિપતિ, આ.ભ. **શ્રીવિજયરામસૂરીશ્વરજી** મહારાજ (ડહેલાવાળા)ની પાવન પ્રેરણા અને સક્રિય માર્ગદર્શનથી કાર્યાન્વિત આ. શ્રીસુરેન્દ્રસૂરીશ્વરજી જૈન તત્ત્વજ્ઞાન શાળાનાં ઉપક્રમે અનેક આગમ-શાસ્ત્ર-ગ્રંથોનું પ્રકાશન પૂર્વમાં થયું છે, હવે તેઓશ્રીના આજીવન અંતેવાસી, શિષ્યરત્ન પ.પૂ. આ.ભ. **શ્રીજગચ્ચન્દ્રસૂરીશ્વરજી** મહારાજ (ડહેલાવાળા)ની આજ્ઞા પ્રમાણે આગળ વધતાં આ ગ્રંથપ્રકાશન કાર્યમાં વેગ આવી રહ્યો છે જે અમારા માટે આનંદનો વિષય છે જ્યારે અનાવશ્યક પત્રિકાઓ-પુસ્તકો - વગેરેનાં પ્રકાશનો કીડીયારાંની જેમ ઉભરાઈ રહ્યા છે અને દિવાળી આવતાં આવતાં તો ઘરની અભરાઈ કે અલમારીઓમાંથી પણ ઉતારી તે બધાને ઉપાશ્રય કે દેરાસરમાં પધરાવી દેવાતા હોય છે તેવા સમયે અનિવાર્યપણે આવશ્યક એવા શાસ્ત્રો-ગ્રંથો અને મહાપુરુષોની અપાર રચનાઓનું પ્રકાશન એ અત્યંત ઉપાદેયતાને સિદ્ધ કરી દેનારૂ છે શ્રાવકના ઘર માટે પણ એ ઘરેણા સમ છે. આ સંકલ્પનાથી સિંચિત અમોએ ઉપકારી ગુરુવર આ. **શ્રીજગચ્ચન્દ્રસૂરીશ્વરજી** મહારાજનાં સૂરિપદપ્રદાન રૌપ્યમહોત્સવનાં ઉપલક્ષમાં આ ગ્રંથપુષ્પમાળાનો આરંભ કર્યો છે જેનાં પ્રથમ પુષ્પરૂપે આ સંવેગીપરંપરાકૃતિસંદોહ-૧ પ્રગટ કરતાં અમે પરમ હર્ષની લાગણી અનુભવીએ છીએ.

લી.
**આ. શ્રીસુરેન્દ્રસૂરીશ્વરજી જૈન તત્ત્વજ્ઞાન શાળા**
**અમદાવાદ - સુરત**

## ॥ નમો નમઃ શ્રીગુરુજગચ્ચન્દ્રસૂરયે ॥

# પ્રસ્તાવના

સંવેગીપરંપરા એટલે શ્રદ્ધા-સંવેગ અને સદાચરણથી જળહળતી શ્રમણશ્રેણિ, જ્ઞાનસાપેક્ષ એવા ક્રિયામાર્ગને ચૂસ્તપણે પાળવાની તકેદારીવાળો એક સાધુવર્ગ - તેઓની પરંપરા, વિચાર-વાણી અને વર્તનશૈથિલ્યનાં અનુગામીઓની સામે શાસ્ત્ર-સામાચારીને મક્કમપણે વળગી રહેવા માટે કટિબદ્ધ બનેલ મુનિઓનું સંગઠન - તેઓને સમર્પિત એવી શિષ્યાવલી.

આ સંવેગીપરંપરામાં થયેલા જગદ્ગુરુ વિજયહીરસૂરિ-વિજયસેનસૂરિ - વિજયદેવસૂરિ શિષ્યરત્ન પટ્ટાલંકાર વિજયસિંહસૂરિનાં અંતેવાસી મહાન્ ક્રિયોદ્ધારક, પદ-પ્રખ્યાતિ અને પ્રશંસાથી પરાङ્મુખ, પ.પૂ. પંન્યાસ પ્રવર **શ્રીસત્યવિજયજી** મહારાજ અને તેઓની યશોજ્જ્વલ શિષ્ય પરંપરા પ.પૂ.પં. **શ્રીકર્પૂરવિજયજી** મહારાજ, પ.પૂ.પં. **શ્રીક્ષમાવિજયજી** મહારાજ, પ.પૂ.પં. **શ્રીજિનવિજયજી** મહારાજ, પ.પૂ.પં. **શ્રીઉત્તમવિજયજી** મહારાજ, પ.પૂ.પં. **શ્રીપદ્મવિજયજી** મહારાજ, પ.પૂ.પં. **શ્રીરૂપવિજયજી** મહારાજ, પ.પૂ.પં. **શ્રીઅમીવિજયજી** મહારાજ, પ.પૂ.પં. **શ્રીસૌભાગ્યવિજયજી** મહારાજ, પ.પૂ.પં. **શ્રીરત્નવિજયજી** મહારાજ, પ.પૂ.પં. **શ્રીમોહનવિજયજી** મહારાજ, પ.પૂ.પં. **શ્રીધર્મવિજયજી** મહારાજ, પ.પૂ. અપ્રતિમ પ્રતિભાસંપન્ન, ડહેલાનાં ઉપાશ્રયનાં સર્વપ્રથમ સૂરિચક્રચૂડામણિ આ. દેવેશ **શ્રીસુરેન્દ્રસૂરીશ્વરજી** મહારાજ, પ.પૂ. માતૃવત્સલ પં. પ્રવર **શ્રીરવિવિજયજી** મહારાજ અને તપાગચ્છાધિરાજ,પરમગીતાર્થ,સન્માર્ગશુદ્ધપ્રરૂપક,સંયમપાલનૈકચકોરચિત્ત, શાસનસમાધિદાયક, સંમેલનસાફલ્યસૂત્રધાર, આચાર્યપ્રવર શ્રીવિજય **રામસૂરીશ્વરજી** મહારાજા (ડહેલાવાળા) આદિ પૂજ્યોની અપ્રગટ અઢળક કૃતિઓ, પ્રગટ હોવા છતાં પણ વર્તમાનમાં અપ્રખ્યાત એવી કૃતિઓ, પ્રગટ અને પ્રખ્યાત હોવા છતાંય હસ્તપ્રતનાં આધારે સંશોધિત કરેલ પાઠાન્તરયુક્ત કૃતિઓ, સંવેગી પરંપરાનાં પૂજ્યોની શિષ્ય પરંપરા - વંશાવલી તથા તેઓનાં જીવનવૃત્તાંતો ઇત્યાદિ સાહિત્ય આ સંવેગીપરંપરાકૃતિસંદોહમાં ધીમે ધીમે પ્રકાશિત થશે.

તપા.પૂ. દાદાગુરુદેવ **શ્રીવિજયરામસૂરિજી** મહારાજ - **સાહેબજી**નાં શ્રીમુખે ઘણી-ઘણીવાર સંવેગીપરંપરાનાં આ પૂજ્યોનાં ગુણગાન સાંભળ્યા છે આ પૂજ્યપુરુષો અંગે કંઈક કરવાની તેઓશ્રીની અદમ્ય ઇચ્છા હતી તેથી

ઘણી હસ્તપ્રતો આદિ સામગ્રી પણ તેઓશ્રી સતત ભેગી કરતાં, જ્યાંથી મળે જે લઈને આવે તેમની પાસેથી લઈ લેતાં, અમને પણ આવુ કંઈક કરવાની વારંવાર પ્રેરણા કરતાં પણ તે વખતે એવી સમજ નહોતી, અનુભવ કે આવડત નહોતી, પણ સાહેબજીનો આ કાર્ય માટેનો ઉત્સાહ, સંવેગીપરંપરાનાં આ પૂજ્યો માટેનો અનહદ આદરભાવ, આ પૂજ્યોની ઐતિહાસિક-દસ્તાવેજી મૂલ્ય ધરાવતી ઘટનાઓનું એકત્રીકરણ વગેરે તેઓશ્રીની આંખમાં અને અંતરમાં વારંવાર રમતું જોયું છે. તેઓશ્રીનાં એ સ્વપ્નને - તેમની ભાવનાને સાકાર-સંપૂર્ણ અને સફળ કરવા માટેનો આ પ્રકલ્પ છે.

આ કાર્ય માટે સામગ્રી ભેગી કરવાનાં પ્રયત્નો શરૂ કર્યા. ચારેબાજુ જ્ઞાનભંડારોમાં પૃચ્છા કરી-કરાવી, પત્રો લખ્યા પણ પરિણામ સંતોષદાયી ન મળ્યું. ફરીથી - નવેસરથી પૃચ્છા કરાવી તો ક્યાંકથી કૃતિઓ અંગેની સૂચિ મળી તો ક્યાંકથી કૃતિઓ પણ મળી એને જોઈને ઉત્સાહ વધતો ચાલ્યો અને પ્રયત્નમાં વેગ આવ્યો. પછી તો કલ્પના પણ ન થઈ શકે એટલું બધુ સાહિત્ય ધીરે ધીરે ભેગું થવા લાગ્યું. તેનું લિપ્યંતરાદિ કાર્ય સંપન્ન થવા લાગ્યું એટલે શરૂઆતમાં બે કૃતિઓ એક - પં. શ્રીરૂપવિ. મ. કૃત તારંગા મંડન **શ્રીઅજિતનાથ સ્તવન** અને બે - પં. શ્રી ઉત્તમવિ. મ. કૃત **સંયમશ્રેણી સ્તવન** અનુસંધાન (સંપા. આ. શ્રી શીલચન્દ્રસૂરિજી મ.) અંકમાં અનુક્રમે પ્રકાશિત થયું. ત્યારપછી એક દિવસ અચાનક પૂજ્ય ગુરુદેવશ્રી આ. **શ્રીવિજયજગચ્ચન્દ્રસૂરીશ્વરજી** મહારાજજી પાસે અમે બેઠા'તાં ને વાતમાંથી વાત નીકળી ત્યારે ગુરુદેવશ્રીએ પૃચ્છા કરી - 'કામ કેટલે પહોંચ્યું?' એટલે જવાબ આપ્યો કે બસ બધુ તૈયાર થઈ જ ગયું છે ત્યારે તરત જ પૂ. ગુરુદેવશ્રી બોલ્યા 'તો આપણે જ પ્રકાશિત કરો' ને એ શુભઘડીએ જ આ સંવેગીપરંપરાકૃતિસંદોહની રૂપરેખા નક્કી થઈ ને તે પ્રમાણે કાર્ય પણ શીઘ્રગતિએ આરંભાયું.

આ વિપુલ સાહિત્યને એકસાથે એક જ ગ્રંથરૂપે હમણાં પ્રકાશિત ન કરતાં એને જુદા જુદા ભાગમાં વિષયવાર - વિભાગવાર વહેંચીને પ્રકાશિત કરવાનો નિર્ણય કર્યો. એનાં માત્ર આસ્વાદ રૂપે જ આ પ્રથમ પુષ્પ છે.

હવે પછીનાં ભાગોમાં સંવેગીપરંપરાનાં પૂજ્યોની ગહુંલી સંગ્રહ, સમેતશિખર સ્તવન સંગ્રહ, છ:રી પાલિત સંઘવર્ણન સ્તવન સંગ્રહ, પં. શ્રી પદ્મવિ. મહારાજ આદિનાં વિશિષ્ટ પત્રોનો સંગ્રહ, આ પૂજ્યોનાં જ્યાં જ્યાં પગલાજી પ્રતિષ્ઠિત છે તેની પ્રશસ્તિ વગેરેનો સંગ્રહ ઇત્યાદિ અનેક અદ્યાવધિ અપ્રગટ કૃતિઓ, માહિતીઓ, દસ્તાવેજી મૂલ્ય ધરાવતી ઘટનાઓ, પત્રિકાઓ,

છબીઓ વગેરે પ્રકાશિત થશે તથા અત્યંત મહત્ત્વની વાત તો એ છે કે **પં. શ્રીરૂપવિજયજી મહારાજ, પં. શ્રીઅમીવિજયજી મહારાજ અને પં. શ્રીસૌભાગ્યવિજયજી મહારાજ આ ત્રણ પૂજ્યો સંબંધી કોઈ વિશેષ માહિતી મળતી નથી - મળી શકી નથી** આવી મુંઝવણ અત્યાર સુધી સહુને પજવતી'તી આ ખાલીપો હંમેશા ખટક્યા કરતો હતો એ પણ આ ઘડીએ ખુશીમાં ફેરવાઈ ગયો છે કારણ કે આ સંબંધમાં પણ નિષ્ઠાપૂર્વકનો પ્રયત્ન કરતાં આ પૂજ્યોનાં જીવનસંબંધી અકલ્પ્ય માહિતીઓ, કૃતિઓ, ઘટનાઓ આદિ મળ્યું છે મેળવ્યું છે જેના આધારે પં. શ્રીરૂપવિજયજી મહારાજના જીવન સંબંધની પ્રાપ્ત સર્વ માહિતી સંવત પ્રમાણે ક્રમસર ગોઠવી એક નોંધ તૈયાર થઈ છે (જેનું વાંચન રોમાંચિત કર્યા વગર નહીં રહે) તથા પં. શ્રીઅમીવિજયજી મહારાજ અને પં. શ્રીસૌભાગ્યવિજયજી મહારાજની અપ્રગટ રચનાઓ વગેરે વિપુલ સામગ્રી પણ મળી છે. જેને હવે પછીનાં ભાગોમાં યથાશીઘ્ર પ્રકાશિત કરવામાં આવશે. જે સહુ માટે અત્યંત ઉપયોગી-ઉપાદેય બની રહેશે. આ થઈ ભૂતકાળ અને ભવિષ્યકાળની વાત.

હવે પ્રસ્તુત સંવેગીપરંપરાકૃતિસંદોહ - ૧માં જે પ્રમાણે કૃતિ વગેરેનું પ્રકાશન થયું છે તે અંગેની થોડીક વાત :-

ક્રમ આ પ્રમાણે રાખ્યો છે સર્વપ્રથમ કૃતિ પરિચય અને ત્યારપછી તે કર્તાની કૃતિ, કૃતિઓમાંથી વધારાનાં અનુસ્વાર, અક્ષરો, ભલેમીંડુ વગેરે કાઢી નાંખ્યુ છે જેથી વાંચનમાં સરળતા પડે. હસ્તપ્રતોની લિપિ ઉકેલવાનું એનું લિપ્યંતર સારા અક્ષરમાં કરવાનું, તે તે કૃતિઓનો પરિચય લખવાનો ઈત્યાદિ કૃતિસંપાદનને લગતું તમામ કાર્ય એ ધારીએ એટલું સહેલું નથી.

એટલે જ આ કાર્ય કરનાર કોઈપણ વ્યક્તિનાં મનમાં આગમપ્રભાકર શ્રીપુણ્યવિજયજી મહારાજ અને શ્રુતરત્નાકર શ્રીજંબૂવિજયજી મહારાજ વગેરે માટે અહોભાવ થયા વિના ન રહે.

આ બધા પૂજ્યોએ આવા કાર્યોમાં જાત ઘસીને જગતથી અળગા રહીને જિનશાસનને જળહળતુ રાખ્યું છે.

અનાવશ્યક પ્રોગ્રામો, પત્રિકાઓ અને માત્ર પ્રશંસાપ્રચૂર આયોજનો ઊભા તો નથી કર્યા પણ કોઈએ કર્યા હોય તો એમાં ભળ્યા પણ નથી અહિંયા તો આ પૂજ્યોનાં પગલે પા પા પગલી માંડવાનો એક નાનકડો પ્રયાસ છે.

આ પ્રથમ ભાગમાં પં. જિનવિ. મ.ની એક, પં. પદ્મવિ. મ.ની બે, પં. રૂપવિ. મ.ની પાંચ, પં. ધર્મવિ. મ.ની એક કૃતિ અને અંતે પૂ.પં. મહાન્

ક્રિયોદ્ધારક શ્રીસત્યવિજયજી મહારાજનો ૪૫ બોલનો પટ્ટક આપવામાં આવ્યો છે.

આ પ્રકાશનકાર્યમાં સતત-અનવરત-અત્યંતપણે **સંવેગીપરંપરાનાં પૂજ્યો** અને જેનાં સામ્રાજ્યમાં આ ડહેલાવાળા સમુદાયનાં શ્વાસ અને વિશ્વાસ બન્નેતરોતાજાછેએવાઅતિવ્હાલાગુરુદેવતપા.પૂ.આ.**શ્રીવિજયરામસૂરીશ્વરજી** મહારાજા (ડહેલાવાળા)ની અપાર-અનુપમ અને ઉત્કૃષ્ટ કૃપા હરક્ષણે વર્તાઈ રહી છે જેના વિના આ કાર્યની સંકલ્પના પણ શક્ય ન બની હોત.

આ કાર્ય જેમની પાવન પ્રેરણા - માર્ગદર્શન - આજ્ઞા અને આશીર્વાદથી સંપન્ન થયુ છે. એવા પ.પૂ. ગુરુદેવશ્રી, સૂરિરામઆજીવનઅંતેવાસી, આજ્ઞાંકિત શિષ્યરત્ન આચાર્યદેવ **શ્રીવિજયજગચ્ચન્દ્રસૂરીશ્વરજી** મહારાજા (ડહેલાવાળા) નાં ચરણ કમળમાં આ ક્ષણે અનંત વંદન - અગણિત નમન.

તેઓશ્રીનાં સૂરિપદપ્રદાન રૌપ્યવર્ષે આ પ્રથમ પુસ્તિકાનું પ્રકાશન થઈ રહ્યુ છે તે અત્યંત રોમાંચિત ઘટના છે.

તથા જેઓએ સતત આ કાર્ય માટે પ્રોત્સાહિત કરવાનું - પાછળ પડીને પણ પઠાણી ઉઘરાણી કરવાનું અને ચારેબાજુથી ખાંખાંખોળા કરીને પણ સામગ્રી સંગૃહીત કરવાનું કામ કરી આપ્યુ છે તે સર્વ સહવર્તીઓને સપ્રેમ વંદન-અનુમોદન. તેમાં પણ જેની સખત મહેનત આ સંવેગીપરંપરાસંદોહમાં સંમિલિત છે લિપ્યંતરથી માંડીને છેક પ્રુફ ચેકીંગ સુધીનું બધુ જ કાર્ય જેણે અપૂર્વ ઉમંગ સાથે આદર્યુ છે, જૂના અને જીર્ણ ધૂળ જામી ગયેલા જ્ઞાનભંડારોનાં પુસ્તકો સાથે દોસ્તી કરીને જેણે અનેક દસ્તાવેજી મૂલ્ય ધરાવતી સામગ્રીઓનો ખડકલો કરી દીધો છે અને આ વિરાટ પ્રકલ્પમાં જેનો પરિશ્રમ મુખ્ય આધાર સ્તંભ બન્યો છે એવા આત્મીય મુનિરાજ **શ્રીનિર્ગ્રંથચન્દ્રવિજયજી**નું પણ (એ નારાજ નહીં જ થાય એવા વિશ્વાસ સાથે) આ ક્ષણે તીવ્રભાવે અભિવાદન - સનેહસ્મરણ.

તથા જેઓએ ઉદારભાવે વિના વિલંબે હસ્તપ્રતો - તત્સંબંધી સર્વ માહિતી પૂરી પાડીને આ કાર્યને વેગ આપવાનું અનુમોદનીય કાર્ય પાર પાડ્યું છે એવી આ. શ્રી સુરેન્દ્રસૂરીશ્વરજી જૈન તત્ત્વજ્ઞાનશાળા, મહાવીર જૈન આરાધના કેન્દ્ર - કોબા, શ્રુતભવન - પૂના, એલ. ડી. ઇન્ડોલોજી આદિ સંસ્થાઓ તથા તેનાં સંચાલકોને પણ ધન્યવાદ-સાધુવાદ.

અને અકળાયા વગર, કેટલા પણ પ્રૂફ કે પરાવર્તન થાય એની પરવા કર્યા વગર પ્રસન્નતાથી અને પરમગુરુભક્તિથી આ મુદ્રણકાર્ય શીઘ્ર અને

સમયસર કરી આપવા બદલ પાર્શ્વપબ્લિકેશનવાળા સુશ્રાવક શ્રી બાબુભાઈનાં સુપુત્ર શ્રીરાજ્ઞેશભાઈ અને તેઓની ટીમને પણ ધન્યવાદ-ધર્મલાભ.

અંતમાં આ સંવેગીપરંપરાકૃતિસંદોહ-૧ની પ્રાંજલ રચનાઓ કંઠસ્થ કરી ચૈત્યવંદન, પ્રતિક્રમણાદિમાં તેનું મધુર કંઠે ગાન કરવા દ્વારા આપણી આત્મપરિણતિને ઉજાગર કરીએ, સંયમસ્થિતિને શુદ્ધ કરીએ એ જ ભાવ સાથે આ પ્રકાશનમાં રહી ગયેલ ક્ષતિઓ તરફ ધ્યાન દોરવા વિદ્વદ્જનોને ભાવપૂર્ણ વિનંતિ કરી વિરમું છું.

મહા-સુદ-૧૧/૨૦૭૯ **- શીલચન્દ્રવિજય**
ચાણસ્માતીર્થ

# અનુક્રમણિકા


| વિષય | પેજ નં. |
|---|---|
| • આશીર્વચન | ૬ |
| • પ્રકાશકીય | ૭ |
| • પ્રસ્તાવના | ૮ |
| **સંવેગીપરંપરાકૃતિસંદોહ-૧** | **૧૫** |
| • પં.શ્રીજિનવિજયજી મ. રચિત<br>શ્રીચોવીસ જિનવર સ્તવન | ૧૭ |
| • પં.શ્રીપદ્મજિનવિજયજી મ. રચિત<br>શ્રીશાન્તિનાથ સ્તવન | ૨૧ |
| • પં.શ્રીપદ્મજિનવિજયજી મ. રચિત<br>શ્રીકલ્યાણપાર્શ્વનાથ સ્તવન | ૨૩ |
| • પં.શ્રીરૂપવિજયજી મ. રચિત<br>શ્રીનવલખાપાર્શ્વનાથ સ્તવન | ૨૫ |
| • પં.શ્રીરૂપવિજયજી મ. રચિત<br>શ્રીવરકાણા પાર્શ્વનાથ સ્તવન | ૨૭ |
| • પં.શ્રીરૂપવિજયજી મ. રચિત<br>શ્રીપાર્શ્વનાથ સ્તવન | ૨૯ |
| • પં.શ્રીરૂપવિજયજી મ. રચિત<br>શ્રીનેમિનાથ સ્તવન | ૩૧ |
| • પં.શ્રીરૂપવિજયજી મ. રચિત<br>શ્રીશત્રુંજયગિરિ ૨૧ નામ ગર્ભિત આદિનાથનું ચૈત્યવંદન | ૩૨ |

• પં.શ્રીધર્મવિજયજી મ. રચિત
શ્રીગંભીરાપાર્શ્વનાથનું સ્તવન ૩૩
**અજ્ઞાતોદ્ઘાટન** **૩૫**
• પં.શ્રીસત્યવિજયજી મ. પ્રસારિત
સંવેગી સાધુમર્યાદા પટ્ટક ૩૬
• જૈનાચાર્યશ્રીજગચ્ચન્દ્રસૂરિ - સૂરિપદરૌપ્યવર્ષ
ગ્રંથપુષ્પમાળા અંતર્ગત આગામી પ્રકાશનસૂચિ ૪૧
• આ. શ્રીસુરેન્દ્રસૂરીશ્વરજી જૈન તત્ત્વજ્ઞાન શાળાના
પ્રકાશનો અંતર્ગત "સૂરિરામ" પુષ્પસ્મૃતિ ગ્રંથાવલિનાં
પ્રકાશનો ૪૩
• આ. શ્રીસુરેન્દ્રસૂરીશ્વરજી જૈન તત્ત્વજ્ઞાન શાળાના
ઉપલબ્ધ અન્ય પ્રકાશનો ૪૪

# સંવેગીપરંપરાકૃતિ સંદોહ - ૧

# પં. શ્રીજિનવિજયજી મ. રચિત
# શ્રીચોવીસ જિનવર સ્તવન

જગદ્ગુરુ શ્રીવિજયહીરસૂરીશ્વરજી મહારાજની પરંપરામાં થયેલા મહાન ક્રિયોદ્ધારક પંન્યાસપ્રવર શ્રીસત્યવિજયજી ગણિનાં પ્રશિષ્યપંન્યાસ શ્રીક્ષમાવિજયજી મ.ના પટ્ટધર શિષ્યરત્ન પંન્યાસ પ્રવર શ્રીજિનવિજયજી મહારાજની આ અદ્યાવધિ અપ્રગટ રચના છે. શ્રીચોવીસ જિનવર સ્તવન.

આ સ્તવનમાં ૨૪ તીર્થંકરોના પરિવારોની સંખ્યા બતાવી છે. સહુપ્રથમ ચાર કડી દ્વારા દરેક પરમાત્માનું નામ સ્મરણ કરવામાં આવ્યું છે અને ત્યારપછી આઠ કડીઓ દ્વારા એકદમ સરળ શૈલીમાં ચોવીસે ભગવાનના ગણધર ભગવંતો, સાધુ-સાધ્વીજી વગેરેની કુલ સંખ્યાનું નિરુપણ કરવામાં આવ્યું છે. તે આંકડાઓ પણ આનંદ-આશ્ચર્ય ઉપજાવે છે. તે આ પ્રમાણે –

૨૪ તીર્થંકર ભગવંતોનાં –

| | |
|---|---|
| ૧,૪૫૨ | ગણધર ભગવંતો |
| ૨૮,૪૮,૦૦૦ | સર્વ મુનિવરો |
| ૧,૭૬,૧૦૦ | કેવલજ્ઞાની મુનિવરો |
| ૧,૩૩,૪૦૦ | અવધિજ્ઞાની મુનિવરો |
| ૧,૪૫,૫૯૧ | મનઃપર્યવજ્ઞાની મુનિવરો |
| ૩૩,૯૯૮ | ૧૪ પૂર્વધારી મુનિવરો |
| ૨,૪૫,૨૦૮ | વૈક્રિયલબ્ધિધારી મુનિવરો |
| ૧,૨૬,૨૦૦ | વાદી મુનિવરો |
| ૧૯,૮૬,૦૫૧ | સામાન્ય મુનિવરો |
| ૪૪,૪૬,૪૦૬ | સાધ્વીજીઓ |
| ૫૫,૪૮,૦૦૦ | શ્રાવકો |
| ૧,૦૫,૪૮,૦૦૦ | શ્રાવિકાઓ |

ત્યારબાદ છેલ્લી કડીમાં એટલે કે ૧૩મી કડીમાં સમાપન કરતાં કવિરાજ ફરમાવે છે કે રોજ સવારે ઉઠીને આ ચોવીસે જિનનાં પરિકરને પ્રણામ કરવા જોઈએ આ રીતે એક જ ઠેકાણે ચોવીસે જિનવરોનાં પરિવારની સંખ્યા મળી જાય એવી રચનાઓ જૂજ હશે...

કંઠસ્થ કરવા જેવા આ સ્તવનનાં રચયિતા પં. શ્રીજિનવિજયજી મહારાજ પોતાની પ્રાંજલ રચનાઓ દ્વારા જૈન જગતમાં સારા એવા જાણીતા

છે. અનેક અંજનશલાકા, પ્રતિષ્ઠા, છ:રીપાલિત સંઘો, દીક્ષાઓ વગેરે શાસનપ્રભાવનાનાં કાર્યો તેઓશ્રીની નિશ્રામાં સંપન્ન થયા છે. મુખ્યતયા તેઓશ્રીનું વિચરણ ક્ષેત્ર ગુજરાત અને રાજસ્થાન રહ્યું છે. અંતિમ ચાતુર્માસ પાદરા ગામે થયું અને વિ.સં. ૧૭૯૯નાં શ્રા. શુ. ૧૦ના દિવસે માત્ર ૪૨ વર્ષની લઘુવયમાં તેઓશ્રી કાળધર્મ પામ્યા. ત્યારે પાદરા ગામનાં કિસન પ્રમુખ શ્રાવકોએ તેઓનાં અગ્નિસંસ્કાર સ્થળે સ્તુપની રચના કરાવી.

તેઓશ્રીનાં જીવનસંબંધીની આ બધી માહિતીઓ તેઓશ્રીના શિષ્યરત્ન પં. શ્રીઉત્તમવિજયજી મહારાજ રચિત તેઓશ્રીનાં નિર્વાણરાસમાં જોવા મળે છે.

આ કૃતિની હસ્તપ્રત શ્રીમહાવીર જૈન આરાધના કેન્દ્ર - કોબા તરફથી મળી છે. હસ્તપ્રત નં. AKGM-28237 છે. પ્રત પાઠવવા બદલ ત્યાંના સંચાલકગણને ધન્યવાદ.

# શ્રીજિનવિજયજી રચિત
# શ્રીચોવીસ જિનવર સ્તવન

મન કોઈ હેરો રે, ભાવે વંદો રે, ચોવીસે જિનચંદા ।
ઋષભ અજિત સંભવ અભિનંદન, સુમતિનાથ સુખકંદા ॥ ૧ ॥ ભાવે૦ ॥

પદ્મપ્રભને સુપાર્શ્વ ચંદ્રપ્રભુ, સુવિધિ શીતલસ્વામી ।
શ્રેયાંસ વાસુપૂજ્ય વિમલ અનંતપ્રભુ, ધર્મનાથ ગુણધામી ॥ ૨ ॥ ભાવે૦ ॥

પાંચમા છઠ્ઠા સાતમા ચક્રી, શાંતિ કુંથુ અર દેવા ।
એકણ ભવમાંહિ દો પદવી, પુણ્યપ્રકૃતિતા(ની) સેવા ॥ ૩ ॥ ભાવે૦ ॥

મલ્લિ મુનિસુવ્રત નમિ નેમી, પુરિસાદાણી પાસ ।
વર્ધમાન જિનવરને નામે, વર્ધમાન સુખવાસ ॥ ૪ ॥ ભાવે૦ ॥

પુંડરિક પ્રમુખ ગણધારી, ચૌદ સયા બાવન્ન ।
લાખ અઠ્ઠાવીસ સહસ અડતાલીસ, મુનિવર પાવન મન્ન ॥ ૫ ॥ ભાવે૦ ॥

એક લાખ હજાર છિહોત્તર, એક શત કેવલનાણી ।
એક લાખ તેત્રીસ સહસ્સા, ચઉસય અવધિ વર નાણી ॥ ૬ ॥ ભાવે૦ ॥

મનપજ્જવનાણી ઈગ લખનેં, અધિકા સહસ્સ પણયાલા ।
પણ સમય એકાણું નિત નમીએ, ચરણકરણ સુંડાલા ॥ ૭ ॥ ભાવે૦ ॥

તેત્રીસ સહસ્સ નવસય અઠ્ઠાણું, ચૌદસ પૂરવધારી ।
દો લખ સહસ પણયાલ બિસે અડ, વૈક્રિયલબ્ધિ ભંડારી ॥ ૮ ॥ ભાવે૦ ॥

એક લાખ સહસ્સ છવ્વીસનેં દોય સય, વાદી શ્રુતવિસ્તારી ।
જિનમતથાપન કુમતઉત્થાપન, મયગલ જિમ પદધારી ॥ ૯ ॥ ભાવે૦ ॥

ઓગણીસ લાખનેં છ્યાસી સહસ્સું, એકાવન અધિકેરા ।
સવિ જિનના સામાન્ય મુનીસર, ટાળ્યા ભવભય ફેરા ॥ ૧૦ ॥ ભાવે૦ ॥

લાખ ચૌઆલીસ સહસ છયાલીસ, ચાર સયા ષટ વંદો ।
સાધ્વીનો પરિવાર મનોહર, પ્રણમી પાપ નિકંદો ॥ ૧૧ ॥ ભાવે૦ ॥

લાખ પંચાવન સહસ અડયાલીસ, શ્રાવક સમકિતધારી ।
એક કોડી પણ લખ અડતાલીસ સહસ, શ્રાવિકા શુદ્ધ વિચારી ॥ ૧૨ ॥ ભાવે૦ ॥

ચોવીસે જિનવરનો પરિકર, પ્રહ ઉઠી પ્રણમીજે ।
**'ખિમાવિજય'** પંડિત ગુણઠાણે, **'જિનવિજય'** સુજગીશ [વરીજે] ॥ ૧૩ ॥ ભાવે૦॥

**॥ ઇતિ શ્રીચોવીસ જિનવર સ્તવન ॥**

•

# પં. શ્રીપદ્મવિજયજી રચિત
# શ્રીશાન્તિનાથ સ્તવન

ચોમાસી દેવવંદન, અનેક રાસ, સ્તવન ચોવીશી વગેરે દ્વારા ૫૫,૦૦૦થી પણ વધુ શ્લોક સાહિત્યનું મારુગૂર્જર વગેરે ભાષામાં સર્જન કરનાર પં. શ્રીઉત્તમવિજયજી મહારાજનાં પટ્ટશિષ્ય સ્તવનકર્તા **શ્રીપદ્મવિજયજી મહારાજની** અનેક કૃતિઓ હજુ પણ અપ્રગટ છે. એ પૈકીની જેટલી પ્રાપ્ત થઈ છે તેને ધીરે ધીરે પ્રગટ કરવાની ભાવના છે.

પ્રસ્તુત શાન્તિજિનસ્તવન પણ તેઓની ભાવપ્રધાન રચના છે.

ક. ૧માં જણાવ્યુ કે મન વિનાનાં એવા પણ પ્રભુ ભવ્યાત્માઓનાં મનને હરી લે છે એ એક મોટું આશ્ચર્ય છે.

ક. ૩માં ત્રણ સાંધતાં તેર તૂટેની જગ્યાએ નવ સાંધતાં... એમ લખાયું છે જે વિશેષ છે.

ક. ૪માં તાસઠ શબ્દનો અર્થ સમજાયો નથી.

આ સ્તવનનું લિપ્યંતર સાધ્વીજી શ્રી પદ્મમાલાશ્રીજીએ કર્યુ છે. તદર્થ ધન્યવાદ સહ કોબા જ્ઞાનભંડારની હસ્તપ્રત નં. AKGM-4517ના આધારે સંપાદન થયું છે તે માટે ત્યાંનાં સંચાલકગણને પણ ધન્યવાદ.

# શ્રીપદ્મવિજયજી રચિત
# શ્રીશાંતિનાથ સ્તવન

સોલમા શ્રી શાંતિ જિણંદો રે, એ તો અચિરા રાણિનો નંદો રે ।
એક અચીજ (અચરિજ) મોહટું કરતો રે, મનડા વિણું મનડું હરતો રે ॥ ૧ ॥

તુઝ(જ) મુરતિ મીઠી લાગે રે, તિમ તિમ હરસે ચિત જાગે રે ।
રખે રહિએ તુમ્હથી દૂરે રે, રાતિ દિવસ રહું હું હજુરે રે ॥ ૨ ॥

ઇમ અમ મન સેવા માંગે રે, તિમ તિમ તું અલગો ભાગે રે ।
તેહની કરવી સી પેરે રે, નવ સાંધતા ત્રુટે તેરે રે । ૩ ॥

હવે જાણો તાસઠ (?) પાય રે, મન થિર નહિં અમચું તા(થા)ય રે ।
તિણેં તું પણિ અલગો ભાંજે રે, મન થિર કરૂં હવે તિણેં કાજેં રે ॥ ૪ ॥

તે પણિ પ્રભુ તુઝ(જ) પસાય રે, તુઝ(જ) આલંબને થિર થાય રે ।
તિણેં મહેર નજર પ્રભુ કિજે રે, જિમ અમ મનવંછિત સીજે રે ॥ ૫ ॥

તિણે કારણે **'જિન'**વ[ર] દેવ રે, **'ઉત્તમ'** પદકજ કરૂં સેવ રે ।
કહે **'પદ્મવિજય'** ભલી ભાતે રે, કારણેં કારયની વાતે રે ॥ ૬ ॥

**॥ ઇતિ શાંતિનાથ સ્તવન ॥**

•

# પં. શ્રીપદ્મવિજયજી રચિત
# શ્રીકલ્યાણ પાર્શ્વનાથ સ્તવન

[1]શ્રી કલ્યાણ પાર્શ્વનાથ પ્રભુ ૧૦૮ પાર્શ્વનાથ પૈકીનાં એક પાર્શ્વનાથ છે. આ પ્રભુનાં જિનાલયો વીસનગર, પેટલાદ, વડોદરા, ભરૂચ, સુરત, પાલનપુર, રાધનપુર, આગલોડ, કોંઢ, પોરબંદર, ભાવનગર, મુંબઈ-ચોપાટી વગેરે અનેક સ્થળોએ વિદ્યમાન છે.

પેટલાદમાં બિરાજમાન કલ્યાણપાર્શ્વનાથપ્રભુના સાંનિધ્યમાં પ્રસ્તુત સ્તવનનાં કર્તાએ વિશેષ આરાધના-સાધના કરી છે તથા પ્રાપ્ત માહિતી અનુસાર વિ.સં. ૧૮૩૪, ૧૮૩૫ અને ૧૮૪૦નું ચોમાસુ સ્તવનકર્તાએ વીસનગરમાં કર્યું છે ત્યાં પણ કલ્યાણપાશ્વનાથ પ્રભુનું જિનમંદિર છે તે ઊપરથી કલ્યાણપાર્શ્વનાથ પ્રભુ પ્રત્યેની ભક્તિથી પ્રેરાઈને કર્તાએ આ સ્તવનની રચના કરી હશે.

નાનકડી ૧૦ કડીનાં આ સ્તવનમાં સંક્ષેપમાં દ્રવ્ય અને ભાવ એમ બન્ને પૂજાનાં મહત્ત્વને સમજાવી દેવાનો કર્તાએ પ્રયાસ કર્યો છે.

સહુ પ્રથમ ઉત્તમ દ્રવ્યોથી અષ્ટપ્રકારી પૂજાને સમજાવી છે ત્યારપછી એ પૂજામાં ગીત-ગાન અને નાટક ભેળવી ભાવપૂજા તરફ જવાનો ઇશારો કર્યો છે અને ભાવપૂજામાં શું કરવાનું? તો મહત્ત્વનાં બે ઉપાયો દર્શાવ્યા છે એક-ઃ રૂપાતીત પ્રમુખ અવસ્થાઓનું ધ્યાન અને બે-ઃ શુદ્ધસ્વભાવનું ધ્યાન એ દ્વારા પ્રભુભક્તિ કરવાનો ઇશારો કર્તા આપણને આપે છે.

શ્રીમહાવીરજૈન આરાધના કેન્દ્ર - કોબા જ્ઞાનભંડારની બે હસ્તપ્રતો દ્વારા આ સંપાદન થયુ છે. તેથી ત્યાંનાં સંચાલકોને ધન્યવાદ સહ આ સ્તવનનું લિપ્યન્તર પણ સા. શ્રીપદ્મમાલાશ્રીજીએ કર્યુ છે તદર્થ તેઓને ધન્યવાદ.

K-1 નં. AKGM-45175 હસ્તપ્રતમાં કલાપાર્શ્વનાર્થ એમ લખ્યું છે જે અશુદ્ધ જાણી K-2 નં. AKGM-16654 હસ્તપ્રતનાં શુદ્ધ પાઠને સ્થાન આપ્યુ છે.

---

૧. ૧૦૮ પાર્શ્વનાથ તીર્થદર્શન ભાગ. ૧.

## શ્રીપદ્મવિજયજી રચિત
## શ્રીકલ્યાણ પાર્શ્વનાથ સ્તવન
(મનડો અડ રહ્યો મારૂજી – એ દેશી)

કલ્યાણ પાસ પદકમલે મનડો અડ રહ્યો વારુજી પૂજવાનેં કાજે ॥ મન૦ ॥
તુજ સુરતિસ્યૂં લય લાગી, વારી રે જિનરાજ ॥ મન૦ ॥ એ આંકણી ॥

કાયં બહૂ તીરથના પાણી, કાંય બાવના ચંદન આણી ॥ મન૦ ॥ ૧ ॥

કાંય કૃષ્ણાગરુના ધૂપ, કાંય ગૌઘૃત કેરા દીપ ॥ મન૦ ॥ ૨ ॥

વળી માલતિ મોગર ફૂલ, ગુલ્લાબ તથા જાસુલ ॥ મન૦ ॥ ૩ ॥

શ્રીફલ જાયફલ સોપારી, નારિંગ બિજોરી સારી ॥ મન૦ ॥ ૪ ॥

અક્ષત તંદુલને શાલિ, અક્ષતપૂજા સુવિશાલ ॥ મન૦ ॥ ૫ ॥

મોદક ઘેવર સુહાલી, શાલિ દાલિ તણી ભરી થાલી ॥ મન૦ ॥ ૬ ॥

ઇમ પૂજા અષ્ટ પ્રકારી, દ્રવ્યથી કરો ભવિ નરનારી ॥ મન૦ ॥ ૭ ॥

નાટિકને વલિ ગીત-ગાન, ભાવપૂજા સુપ્રણિધાન ॥ મન૦ ॥ ૮ ॥

રૂપાતીત પ્રમુખ જે ભાવ, ભાવિએ વળી શુદ્ધસ્વભાવ ॥ મન૦ ॥ ૯

ઇમ **'જિન' 'ઉત્તમ'**ની સેવા, કહે **'પદ્મ'** દિએ શિવમેવા ॥ મન૦ ॥ ૧૦ ॥

**॥ ઇતિ કલ્યાણ પાર્શ્વનાથ [૧]સ્તવન ॥॥**

---

૧. સંપૂર્ણં પઠનાર્થં ચંદનસરીજી k-2

•

# પં. શ્રીરૂપવિજયજી મ. રચિત
# શ્રીનવલખા પાર્શ્વનાથ સ્તવન

હવે અહીંથી પં. શ્રીપદ્મવિજયજી મ.નાં પટ્ટધર પં. શ્રીરૂપવિજયજી મહારાજની કૃતિઓ શરૂ થાય છે. સહુ પ્રથમ પાલીમંડન શ્રી નવલખાપાર્શ્વનાથ પ્રભુનું સ્તવન પ્રસ્તુત છે.

૯ કડીનાં આ સ્તવનને વાંચતાં પૂ. દેવચંદ્રજી મહારાજનાં સ્તવનોની સ્મૃતિ ચોક્કસ થઈ આવે એવું તત્ત્વસભર આ સ્તવન છે.

ક્લિષ્ટ શબ્દપ્રયોગ વિના સરળતાથી શબ્દબોધ થઈ જાય એવી શૈલીમાં તત્ત્વ પીરસાયું છે અહિં.

પ્રભુનું આત્મસ્વરૂપ કેવું છે? અષ્ટકર્મનાં ક્ષયથી અંતરાત્મામાં કેવા પ્રકારનો ગુણવૈભવ ઉઘડ્યો છે વગેરે વાતો ખુબ વહાલપૂર્વક અહિં વહેંચાઈ છે.

પાલીનગરનાં પ્રભુપાર્શ્વની ભક્તિમાં કર્તા કેવા તો ઓતપ્રોત અને એકાકાર થયા હશે કે પોતાની દિવ્ય અનુભૂતિને શબ્દોમાં પ્રગટ કરતાં તેઓ જણાવે છે કે **'દરસણ કરતાં દેવનું રે પામ્યો ખાયક દરિસણ આજ'** અર્થાત્ પ્રભુનાં દર્શનથી આજે હું ક્ષાયિક દર્શન પામ્યો છું. (કડી-૭) કેવા અપૂર્વ વિશ્વાસથી આ વાત જણાવી છે. એ દ્વારા આ મહાપુરુષની લઘુકર્મિતા સ્પષ્ટ દૃષ્ટિગોચર થાય છે.

વિ.સં. ૧૮૭૪ પાલીનગર (રાજ.)માં આ પૂજ્યપુરુષે ચાતુર્માસ કરેલુ છે તે સમયગાળા દરમ્યાન પ્રગટેલા ભાવોને કવિએ શબ્દોમાં ઢાળવાનો પ્રયત્ન કર્યો હોય એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી.

અંતમાં પ્રભુને નમન-સ્તવન-વંદનથી શું લાભ થાય તે કવિવર સંક્ષેપમાં જણાવી દે છે કે ભવ્યજીવોનાં ભવોભવનાં દુઃખ દૂર થઈ જાય આટલું કહીને સ્તવન પૂર્ણ થાય છે.

આ સ્તવનની હસ્તપ્રતો L.D. ઇન્સ્ટિટ્યૂટ અને મહાવીર જૈન આરાધના કેન્દ્ર-કોબા તરફથી મળી છે તદર્થ બન્ને સંસ્થાનાં સંચાલકોને ધન્યવાદ.

# પં. શ્રીરૂપવિજયજી રચિત
# શ્રીનવલખા પાર્શ્વજિન સ્તવન

જગનાયક જગદીસરૂ રે, જિનજી પરમપુર(રૂ)ષ જગનાથ
॥ પાસજિન નવલખા રે ॥
શંભૂ સનાતન સાહિબો રે, પ્રભુજી પારંગત શિવસાથ ॥ પાસજિન૦ ॥ ૧ ॥

આત્મસ્વરૂપેં રમો સદા રે, નહિ તુજ પુદ્ગલરસ ભોગ ॥ પાસજિન૦ ॥
જ્ઞાનસ્વભાવેં જ્ઞેયના રે, જિનજી જાણો છો સહુ જોગ ॥ પાસજિન૦ ॥ ૨ ॥

અનંત જ્ઞાનદર્શન ધરૂ રે, ભોગવો સાદિ અનંત સુખાસ[૧] ॥ પાસજિન૦ ॥
મોહ અભાવેં નીપનું રે, ચારિત્ર નિજગુણનો થિરવાસ ॥ પાસજિન૦ ॥ ૩ ॥

અક્ષયસ્થિતી આયુક્ષયે રે, નામથી પ્રગટ અરૂપી ભાવ ॥ પાસજિન૦ ॥
અગુરુલઘુ અવગાહના રે, વરતેં સાદિ અનંત સ્વભાવ ॥ પાસજિન૦ ॥ ૪ ॥

અંતરા[ય] પંચક ક્ષયે રે, પ્રગટ્યો અકરણ વિરય અનંત ॥ પાસજિન૦ ॥
જ્ઞાનપર્યાયે જ્ઞેયના રે, જાણો ઉત્પતિ-વ્યય-થિતિ કંત ॥ પાસજિન ॥ ૫ ॥

વામા ઉરસર હંસલો રે, નરપતી અશ્વસેન કુલચંદ ॥ પાસજિન૦ ॥
કાસીદેસ વાણારસી રે, નાયક પ્રણમેં સુરનરઇંદ ॥ પાસજિન૦ ॥ ૬ ॥

પાલીમંડણ પાસજી રે, પાવનકારી છો મહારાજ ॥ પાસજિન૦ ॥
**દરસણ કરતા દેવનું રે, પામ્યો ખાયક દરિસણ આજ** ॥ પાસજિન૦ ॥ ૭ ॥

ધ્યેય-ધ્યાન-ધ્યાતા થકા રે, ધા(ધ્યા)ન ધ્યેય સરૂપી થાય ॥ પાસજિન૦ ॥
કારણથી કારય સધેં રે, તિણેં તુમેં શિવદાયક મહારાય ॥ પાસજિન૦ ॥ ૮ ॥

નમન સ્તવન વંદન થકી રે, ભવિના ભવભવના દુખ જાય ॥ પાસજિન૦ ॥
તુજ પદ **'પદ્મ'**ની ચાકરી રે, તિણેં નિત **'રૂપવિજય'** ચિત્ત ધ્યાય
॥ પાસજિન૦ ॥ ૯ ॥

**॥ ઇતિ શ્રીનવલખા પાર્શ્વજિન સ્તવન ॥**

•

---

૧. સુવાસ. k 1

# પં. શ્રીરૂપવિજયજી મ. રચિત
# શ્રીવરકાણા પાર્શ્વનાથ સ્તવન

મૌન એકાદશીનાં દેવવંદનમાં ગવાતાં 'જગપતિ શ્રીઅરજિન જગદીશ...'ની જેમ જ ગાઈ શકાય એવી દેશીમાં આ સ્તવન રચાયું છે.

વરકાણા પાર્શ્વનાથનાં દરબારમાં આ ભાવો સ્ફુરાયમાન થયા હશે એમ ક. ૧થી જણાય છે. ત્યારપછીની બધી કડીઓમાં મુખ્યતયા પાર્શ્વનાથ પ્રભુ સંબંધીની વિગતો પ્રાપ્ત થાય છે.

ક. ૨માં પાર્શ્વ પ્રભુનો શરીરનો વર્ણ હરિત = નીલ, લાંછન - હરિ = સર્પ પ્રભુના ચરણમાં રહ્યો છે, હરિ = ઇન્દ્ર પ્રભુની ખાસ-વિશેષ સેવા કરે એવા પ્રભુએ હરિ = યમ અર્થાત્ મૃત્યુનો ભય તજી શિવસુખ ગ્રહણ કર્યું. તથા આ કડીને સરખાવો પં. શ્રીપદ્મવિજયજી મ. રચિત સ્થંભન પાર્શ્વનાથનાં સ્તવનની પ્રથમ કડી સાથે –

**"પરવાદી ઉલુકો પરિ હરિ, હરિ સેવે જસ પાયા;**
**હરિતવાને પ્રભુની ગતિ ગજસમ, હરિ સેવે જસ પાયા."**

આ રીતે અહિં હરિ શબ્દનો સરસ પ્રાસ બેસાડ્યો છે.

ક. ૩માં પ્રભુનાં પિતા - અશ્વસેન રાજા, માતા - વામાદેવી અને નગરી - વાણારસી એમ બતાવ્યું છે.

ક. ૪માં વિશેષણો બતાવ્યા છે. પ્રભુ તું તારક છે, ભગવાન છે, હઠી એવા કમઠની હઠનો ભંજક છે. સેંકડો સમ્યક્દષ્ટિલોકનાં મનનો રંજક છે.

ક. ૫માં પ્રભુ કેવલજ્ઞાન પામી અંતે ૩૩ મુનિવરોનાં પરિવાર સાથે સમેતશિખર ગિરિ ઉપર નિર્વાણને વર્યા એમ સ્પષ્ટ કર્યું છે.

ક. ૬માં એટલે કે છેલ્લી કડીમાં પ્રભુનાં યક્ષ-પાર્શ્વ અને યક્ષિણી-પદ્માવતીદેવી છે. આ પ્રમાણે કર્તાએ સ્તવનનું સમાપન કર્યુ છે. આ સ્તવનનાં કર્તા પણ પં. રૂપવિજયજી મ. છે.

L.D. ઇન્સ્ટિટ્યુટની હસ્તપ્રતો દ્વારા આ વરકાણાપાર્શ્વનાથ સ્તવનનું સંપાદન થયું છે તદર્થ ત્યાંનાં સંચાલકગણને ધન્યવાદ.

## શ્રીરૂપવિજયજી રચિત
## શ્રીવરકાણા પાર્શ્વનાથનું સ્તવન

જિનપતી **શ્રીવરકાણા પાસ**, આસ્યા(શા) પૂરણ સુરમણી ।
જિનપતી ધન્ય દિવસ મુજ આજ, પામ્યો હું સેવા તુમ તણી ॥ ૧ ॥

જિનપતી હરિત વરણ તુમ[૧] દેહ, હરિ લંછન ચરણે રહ્યો ।
જિનપતી હરિ સેવા કરે ખાસ, હરિ ભય તજી શિવસુખ ગ્રહ્યો ॥ ૨ ॥

જિનપતી અશ્વસેન નૃપનંદ[૨], વામા માત ઉર ધર્યો ।
જિનપતી નયરી વાણારસી નાથ, નાથપણેં સુરેં સિર કર્યો ॥ ૩ ॥

જિનપતી તું તારક ભગવાન, કમઠ હઠી હઠભંજણો ।
જિનપતી સમકિતદૃષ્ટિ લોક, થોક તણા મનરંજણો ॥ ૪ ॥

જિનપતી પામી કેવલજ્ઞાન, મિથ્યા તિમિર દૂરેં કરી ।
જિનપતી તેત્રીસ મુનિ પરિવાર, સમેતશિખર શિવવધૂ વરી ॥ ૫ ॥

જિનપતી પાસ જક્ષ કરેં સેવ, શાસનસુરી પદમાવતી ।
જિનપતી પ્રભૂ પદ **'પદ્મ'**ની વાસ, **'રૂપવિજય'** પદ ગાવતી ॥ ૬ ॥

**॥ ઇતિ શ્રીવરકાણા પાર્શ્વનાથ જિન સ્તવનં ॥**

---

૧. તુમે L. - 2
૨. નૃપચંદ L. - 2

•

# પં. શ્રીરૂપવિજય મ. રચિત
# શ્રીપાર્શ્વનાથ સ્તવન

૭ કડીનું મઝાનું આ પાર્શ્વનાથ પ્રભુનું સ્તવન છે. શરૂઆત જ એકદમ હૃદયંગમ છે. ૨૩ વિષયોથી વેગળા એવા ૨૩માં પ્રભુ પાર્શ્વનાથ મનોવાંછિત ફળને આપવા સાક્ષાત્ કલ્પવૃક્ષ જેવા છે.

અઢાર દોષનો પરિહાર કરી જેઓ કેવલજ્ઞાનરૂપી કમલા = સ્ત્રીનાં કંત = સ્વામી બન્યા છે.

ચાર અતિશય જન્મથી, ઘાતીકર્મોનો અભાવ થવાથી પ્રગટેલા અગ્યાર અને દેવકૃત ઓગણીસ એમ કુલ ચોત્રીસ અતિશયોથી પ્રભુપાર્શ્વનાથ સંયુક્ત છે.

પ્રભુની દેશના પાંત્રીસ ગુણથી યુક્ત છે. એવી દેશનાથી અનેક નર-નારીઓ ભવસાગર તરી ગયા છે. અંતે સ્વયં પ્રભુ પણ ઘાતી-અઘાતી કર્મોને ખપાવી શિવસુંદરીને વર્યા છે. આટલી વાત ચાર કડીમાં સમજાવી હવે કવિરાજ પાંચમી કડીમાં પ્રભુની મોક્ષસ્થિતિનું મસ્ત બયાન કરે છે કે પ્રભુ સદાને માટે અજર, અમર, અક્ષય, અવિનાશી, અકલંક, પરમાનંદમાં પૂર્ણ અને નિઃશંક બની સુખ ભોગવી રહ્યા છે.

આમ સમજાવી અન્તમાં કર્તા એક સાચી વાતનું સ્પષ્ટીકરણ કરી સમાપન કરે છે કે જે પ્રભુનાં પદ = ચરણ રૂપી પદ્મ = કમળની ઉદારભાવે સેવા-ભક્તિ કરે છે તે આત્મા તો જ નિજરૂપમાં - સ્વસ્વરૂપમાં રમી શકે છે આ નક્કી વાત છે.

આ સ્તવનનાં કર્તા પણ પં. શ્રીરૂપવિ.મ.જી છે.

શ્રીહેમચન્દ્રાચાર્ય જ્ઞાનમંદિર - પાટણથી આ સ્તવનની હસ્તપ્રત મળી છે જેનાં આધારે આ કામ શક્ય બન્યું તદર્થ ત્યાંનાં સંચાલક સભ્યોને ધન્યવાદ.

## શ્રીરૂપવિજયજી રચિત
## શ્રીપાર્શ્વનાથ સ્તવન

ત્રેવીસ વિષયથી વેગળો હો રસિયા, ત્રેવીસમો જિનચંદ રસીયાજી ।
અલબેલો એ સાહેબો ।
મનવંછિત ફલ આપવા [હો] ર૦, પરગટ સુરતરુ કંદ ॥ ૧ ॥ ર૦ ॥

દોષ અઢાર તજી થયો હો ર૦, કેવલ કમલા કંત ર૦ ।
ચાર અતિશય જન્મના હો ર૦, પ્રણમું તે ભગવંત ॥ ૨ ॥ ર૦ ॥

ઘાતીકર્મ અભાવથી હો ર૦, એકાદશ ગુણ જાસ ર૦ ।
ઓગણીસ દેવ તણા કર્યા હો ર૦, અતિશય ચોત્રીસ ખાસ ॥ ૩ ॥ ર૦ ॥

ગુણ પાંત્રીસથી દેશના હો ર૦, દેઈ તાર્યા નરનારિ ર૦ ।
ઘાતી અઘાતી ખપાવીનેં હો ર૦, વરી શિવસુંદરી પ્યારિ ॥ ૪ ॥ ર૦ ॥

અજર અમર અક્ષય સદા હો ર૦, અવિનાસી અકલંક ર૦ ।
પૂરણ પરમાણંદમાં હો ર૦, સુખ વિલસે નિઃશંક ॥ ૫ ॥ ર૦ ॥

એ પ્રભુના પદ **'પદ્મ'**ની હો ર૦, સેવના કિજેં ઉદાર ર૦ ।
**'રૂપ'** કહે નિજરૂપમાં હો ર૦, તો રમીએ નિરધાર ॥ ૬ ॥
રસીયાજી પ્રભુ પાસનેં વંદીએ

ઇતિ શ્રીપાર્શ્વનાથ જિન સ્તવનં ॥ સંવત ૧૮૫૮, આસોવદ । ૧૨ લિ । દયાવિજેં

•

# પં. શ્રીરૂપવિજયજી મ. રચિત
# શ્રીનેમિનાથ સ્તવન

બાલબ્રહ્મચારી તીર્થંકર શ્રીનેમિનાથનું અપ્રગટ સ્તવન હવે પ્રસ્તુત છે. તેમાં પ્રથમની ત્રણ કડીઓ પ્રભુનાં આભ્યંતર ગુણોની સાખ પૂરે છે અને પછીની બે કડીઓમાં પ્રભુનો બાહ્ય પરિચય રજૂ થયો છે. નેમજીની આ લઘુકૃતિ હોવા છતાં ય મઝાની છે.

પં. શ્રી પદ્મવિ. પટ્ટધર પં. શ્રી રૂપવિ. મ.ની આ કૃતિ પણ કોબા ભંડારની છે. હસ્તપ્રત નં. 48348 છે. આ કૃતિનું લિપ્યંતર પણ સા. શ્રી પદ્મમાલાશ્રીજીએ કર્યુ છે તદર્થ ધન્યવાદ.

## શ્રીનેમિનાથ સ્તવન

(સોના રૂપા તે કેરા સોગઠા રે લો, રાણીજી રમે છે પીઉ સાથ (૨) જીકાંઇ ફાટા દૂધ મેં આરણ નહિ જમે રે લો - એ દેશી)

નેમી નિરંજન સાહિબો રે લો પરમપુરુષ જગદીસ (૨) જીકાંઇ ॥
એહવા પ્રભુ રે મુક(જ) મન વસ્યા રે લો
શુદ્ધસ્વરુપમાંહે રમે રે લો, જિન સતા(?)માં હિંસ (૨) જીકાંઇ ॥ ૧ ॥ એહવા૦ ॥

અકલ અસંગ અમૂર્ત્તના રે લો, અગુરુલઘુ અવગાહ (૨) જી૦ ॥
અચલ અમલ અણહારતા રે લો, જીતી પુદ્ગલરસ ચાહ (૨) ॥ જી૦ ૨ ॥ એહવા૦ ॥

ગુણ અનંત પ્રગટ કર્યા રે લો, ભાંગે સાદિ અનંત (૨) જી૦ ॥
જિન સત્તા વ્યાપી વી(વિ)ભૂ રે લો, નિજ રિદ્ધિ વિલસંત (૨) ॥ જી૦ ૩ ॥ એહવા૦ ॥

સમુદ્રવિજય કુલ સેહરો રે લો, શીવાદે રાણી ઉરહંસ (૨) જી૦
રુપે રતી રાજુલ તજી રે લો, ઉજ્વલ કર્યો જદુવંસ (૨) ॥ જી૦ ૪ ॥ એહવા૦ ॥

રેવંતગિરનો રાજીયો રે લો, ગાજીયો ત્રિભૂવનમાંહિ (૨) જી૦ ॥
તસ પદ **'પદ્મ'**ને સેવતા રે લો, પામીએ **'રૂપ'** ઉચ્છાહ (૨) ॥ જી૦ ૫ ॥ એહવા૦ ॥

**॥ ઇતિ શ્રીનેમજી સ્તવનં ॥**

•

# પં. શ્રીરૂપવિજયજી મહારાજ રચિત શ્રીશત્રુંજયગિરિ ૨૧ નામગર્ભિત આદિનાથનું ચૈત્યવંદન

શાશ્વત ગિરિરાજ શ્રીશત્રુંજયને કેન્દ્રમાં રાખીને સ્તુતિ, સ્તવન, ચૈત્યવંદન, ગીત ઇત્યાદિ અઢળક સાહિત્ય રચાયું છે.

એ જ શ્રૃંખલામાં પં. શ્રીરૂપવિજયજી મહારાજે પણ શત્રુંજય તીર્થનાં ૨૧ નામોનું ગાન કરતું આ આદિનાથ પ્રભુનું ચૈત્યવંદન રચ્યુ છે. તરત યાદ રહી જાય એવી રીતિથી નામો ગૂંથી આપ્યા છે. પાંચ કડીનાં આ ચૈત્યવંદનમાં પ્રથમની ચાર કડીમાં ૨૧ નામો વર્ણવી અંતિમ કડીમાં જિનનામ અને ગિરિનામનો જાપ પાપકંપનમાં પ્રમુખ કારણ છે એમ બતાવી સમાપન કર્યું છે.

પં. વીરવિજયજી મહારાજ અને પ્રસ્તુતકર્તાનાં શિષ્ય લક્ષ્મીવિજયજીનું પણ શત્રુંજયનાં ૨૧ નામ ગર્ભિત ચૈત્યવંદન જોવા મળ્યુ છે.

આ ચૈત્યવંદન પ્રકાશિત હોવા છતાં હસ્તપ્રતનાં આધારે સંશોધિત કરી અહિં પુનઃ પ્રકાશિત કર્યુ છે.

## આદિનાથ ભગવાનનું ચૈત્યવંદન

નમો આદિદેવં નમો આદિદેવં, કરે સુર અસુર ભક્તિથી જાસ સેવં ।
ચિદાનંદસંદોહલીલાનિધાનં, નમો **વિમલગિરિ** તીર્થનાથપ્રધાનં ॥ ૧ ॥

નમો **સિદ્ધક્ષેત્રં** નમો **પુંડરિકં,** નમો **મહાચલં સિદ્ધગિરિ** ભક્તિ છેકં ।
નમો **પુણ્યરાશિ** નમો **પર્વતિં(તેં)દ્રં, શત્રુંજયં દેવશૈલં** નતિં(તેં)દ્રં ॥ ૨ ॥

નમો **મુક્તિગેહં સુભદ્રં નગિં(ગેં)દ્રં, દઢશક્તિ** મહાતીર્થ હરે કર્મવૃંદં ।
નમો **પુષ્પદંતં મા(મ)હાપદ્મ** નામં, **ધરાપીઠ કૈલાશ** નમો **મુક્તિધામં** ॥ ૩ ॥

**પાતાલમૂલં** નમો શાશ્વતં ચ, નમો **સર્વકામિતપ્રદં મુક્તિદં** ચ ।
નમો સર્વ તીર્થાવતારં સુતારં, નમો મુક્તિસીમંતિની વરણહારં ॥ ૪ ॥

જે ઊઠી પરભાત જિનનામ જંપે, ગિરિનામ જાપે સયલ પાપ કંપે ।
**'જિન'**રાજ **'ઉત્તમ'** પદ **'પદ્મ'** ધ્યાવેં, ચિદાનંદ નિજ **'રૂપ'** તે શુદ્ધ પાવેં ॥ ૫ ॥

**॥ ચૈત્યવંદનં ॥**

•

# પં. શ્રીધર્મવિજયજી મ. રચિત
# શ્રીગંભીરા પાર્શ્વનાથનું સ્તવન

ગાંભુ ગામે બિરાજતાં ૧૦૮ પાર્શ્વનાથ પૈકીનાં ગંભીરાપાર્શ્વનાથ પ્રભુનું આ સ્તવન છે. ઇતિહાસને જોતાં ખ્યાલ આવે કે પાટણની સ્થાપના થઈ એ પહેલાથી ગાંભુ નગર ખ્યાત-પ્રખ્યાત હતું. ગંભીરાપાર્શ્વનાથનાં પ્રાચીન ઉલ્લેખો મેવાડ સ્થિત ડુંગરપુરનાં નામે પણ જોવા મળે છે પરંતુ વર્તમાનમાં તો ગંભીરાપાર્શ્વનાથનાં તીર્થ તરીકે ગાંભુ જ પ્રખ્યાતિને પામેલું છે એને ધ્યાનમાં લઈને પ્રસ્તુત સ્તવનનાં કર્તાએ પાર્શ્વપ્રભુ પ્રત્યેની ભક્તિથી પ્રેરાઈને આ સ્તવનની રચના કરી હશે.

૭ કડીનાં આ સ્તવનમાં અત્યન્ત સરળ શબ્દોમાં સંસારીજીવની ભવસ્થિતિનું બયાન કરતાં સ્વની ગર્હા-નિંદા કરી છે. મનની સ્થિતિને નિષ્કપટભાવે પ્રગટવા દીધી છે અને પછી વિનંતિનાં સૂરમાં ભવપાર કરવાની પ્રાર્થના પેશ કરી છે. એટલું જ નહીં બલ્કે એક બાળકની જેમ પ્રભુ પાસે વચન માંગી લીધું છે કે આ સંસારમાં હવે શાન્તિ આપો પ્રભુ જેથી ભવભય ટળે, ચિન્તાઓ નિવર્તે અને મનવાંછિત ફળે ને અંતમાં પ્રભુપાર્શ્વની પૂજા કરતાં આજે અમાપ હર્ષ ઉછળી રહ્યો છે એમ કહીને કવિ સમાપન કરે છે.

આ સ્તવનનાં કર્તા પણ સંવેગીશાખાનાં પં. શ્રીમોહનવિ. મ.નાં શિષ્ય પં. શ્રી ધર્મવિ. મ. છે જેઓની દીક્ષા ૧૯૫૨માં અષાઢ-શુદ-૧૩નાં સિદ્ધગિરિરાજની તળેટીમાં સંપન્ન થઈ હતી અને કાળધર્મ સં. ૧૯૯૦નાં શ્રમણ સંમેલનનાં સમાપનની સન્ધ્યાએ એટલે કે ચૈત્ર-વદ-૭ની સાંજે અમદાવાદ ડહેલાનાં ઉપાશ્રયે થયો હતો. આ કર્તાની એકમાત્ર આ કૃતિ જ મળી છે તદર્થ આ. સુરેન્દ્રસૂરીશ્વરજી જૈન તત્ત્વજ્ઞાનશાળાનાં સંચાલકોને ધન્યવાદ.

# શ્રીધર્મવિજયજી રચિત
# શ્રીગંભીરા પાર્શ્વનાથનું સ્તવન

શ્રી ગંભીરા પાર્શ્વજી, આવ્યો શરણે તુમારેજી ।
મેહેર કરી મુજ ઉપરે, ભવજલ પાર ઉતારોજી ॥ શ્રી ગં૦ ૧ ॥

ભવ અટવીમાંહે રે ભમ્યો, ભમિયો કાલ અનંતજી ।
છેદન ભેદન બહુ કર્યો, કહેતાં ન લહું પારજી ॥ શ્રી ગં૦ ૨ ॥

ઇંદ્રિયની કાજે હું ધાઇયો, કર્મ કીધાં બહુ ભારેજી ।
એ આવ્યાં મુજ આગળે, તોડો કર્મના બંધજી ॥ શ્રી ગં૦ ૩ ॥

કપટ કરી ધન મેળવ્યું, ન આણી દયા લગારજી ।
મોહ માયામાં ફસી રહ્યો, તારો તારો હવે તાતજી ॥ શ્રી ગં૦ ૪ ॥

શાંત મૂરત પ્રભૂ તાહરી, શાંત કુ(ક)રુણા તારીજી ।
શાંતિ આપો આ સંસારમાં, માંગુ એહ વચનજી ॥ શ્રી ગં૦ ૫ ॥

વામાદેવીના નંદને, ભેટતાં ભવભય જાયજી ।
ચિંતા સર્વે દૂરે કરો, મનવંછિત ફલ થાયજી ॥ શ્રી ગં૦ ૬ ॥

પાર્શ્વનાથને પૂજતાં, હિયડે હર્ષ ન માયજી ।
**'મોહનવિજય'**ના શિષ્યથી, **'ધર્મવિજય'** ગુણગાયજી ॥ શ્રી ગં૦ ૭ ॥

**॥ ઇતિ ગંભીરાપાર્શ્વનાથ સ્તવન ॥**

•

# અજ્ઞાતોદ્‌ઘાટન

સરકતા સમયની સાથે સાથે ઘણીબધી મહત્ત્વપૂર્ણ ઘટનાઓ પણ વિસરાઈ જાય છે. ઇતિહાસનું સર્જન કરનારા અનેક મહાપુરુષો ઉત્તમ વિરાસતો મૂકીને ગયા છે પણ કાળનાં ગર્ભમાં એને ગુમ થતાં વાર નથી લાગતી અને આમ પણ એ વિરાસતોને યથારૂપે સાચવવામાં આપણા પ્રભાવક પુરુષોની તુલનામાં આપણે ઘણા કાચા પડ્યા છીએ. મંદિરો, મૂર્તિઓ, વિશિષ્ટ શિલ્પો, તાડપત્રો, હસ્તપ્રતો, કલાકૃતિઓ, જ્ઞાનભંડારો વગેરે વગેરે કેટલુંય નાશ પામ્યુ, કેટલું'ય ચોરાઈ પણ ગયું અને દુઃખની વાત તો એ કે આજે પણ એ સિલસિલો ચાલુ છે એને અટકાવવા જેવા - જે રીતે પ્રયત્નો થવા જોઈએ તેવા - તે રીતે પ્રયત્નો કદાચ હજુ સુધી નથી થયાં ઘણાબધા પરિબળો આમાં ભાગ ભજવે છે પણ નુકસાન તો સંઘ - શાસનને ભોગવવું પડે છે. આ વિચારને કેન્દ્રમાં રાખીને અહિં એવી વાતોને શોધી - શોધીને પ્રકાશમાં લાવવાનો પ્રક્રમ વિચાર્યો છે. શરૂઆત એક મર્યાદાપટ્ટકથી કરી છે. આગળનાં ભાગોમાં આવી અન્ય વિશિષ્ટ કહી શકાય તેવી વાતો પ્રકાશિત થતી રહેશે. કદાચ એ પ્રસ્તુતિ કોઈક માટે અજાણી ન પણ હોય એવું બને એવા વિદ્વાનોને બાદ કરતાં અનેક શ્રમણ - શ્રમણી વગેરેને ધ્યાનમાં રાખીને અજ્ઞાત વાતોનું ઉદ્‌ઘાટન કરવાનો પ્રયાસમાત્ર છે. સં.

તપાગચ્છસૂર્ય, સૂરિસમ્રાટ્ આ. **શ્રીવિજયદેવસૂરિ** પટ્ટાલંકાર
આ. **શ્રીવિજયસિંહસૂરીશ્વરજી** રચિત અને
તેઓશ્રીનાં નિરીહશ્રેષ્ઠ શિષ્યરત્ન પટ્ટપ્રભાવક મહાન્ ક્રિયોદ્ધારક
પંન્યાસપ્રવર **શ્રીસત્યવિજયજી** મહારાજ પ્રસારિત

# સંવેગી સાધુ મર્યાદા પટ્ટક

સાધુ જીવનની શોભા મર્યાદામાં રહેલી છે. એનાં પરિપાલન માટે ગુરુપ્રદત્ત નિયમાવલી એ સાધુ માટે દીવાદાંડીની ગરજ સારે છે. પોતાના લક્ષ્ય સુધી પહોંચવામાં પછી સાધુ સારી રીતે સમર્થતા પ્રાપ્ત કરી શકે છે.

એ માટે દરેક કાળે તે તે ગુરુભગવંતોએ દેશ-કાળ-પરિસ્થિતિને અનુરૂપ મર્યાદાઓનું નિયમન કરીને શ્રમણસંસ્થાને સ્વસ્થ રાખવાનો નિષ્ઠાપૂર્વકનો પ્રયત્ન કર્યો છે.

ગુરુ અને ગચ્છનાયક એ જો સંવિગ્નમાર્ગનાં શુદ્ધપક્ષપાતી હોય તો એ આચારની અવહેલના અને અનાચારનાં આસેવનને સાંખી ન શકે એવું જોયા પછી તેઓનું દિલ દૂભાયા વિના રહેતુ નથી એવી પરિસ્થિતિનું સર્જન થાય ત્યારે એને કાબુમાં લેવા માટે કોઈપણ સાધુ નબળું કે નબળાનું આલંબન ન લઈ લે એ માટે 'મર્યાદા પટ્ટક'ની વ્યવસ્થા તેઓ નક્કી કરતાં હોય છે. એવા અનેક સાધુમર્યાદાપટ્ટકો પૂર્વે બન્યા છે ઉપયોગી નીવડ્યા છે. અહિં એવો જ એક 'સંવેગીસાધુમર્યાદાપટ્ટક' પ્રસ્તુત છે જેનાં પ્રણેતા તપાગચ્છસૂર્ય, સૂરિસમ્રાટ્ શ્રીવિજયદેવસૂરિપટ્ટાલંકાર પૂ. આ. **શ્રીવિજયસિંહસૂરીશ્વરજી** મહારાજ છે. પણ ભવિતવ્યતાનાં યોગે તેઓ સ્વર્ગે સીધાવ્યા એટલે આ 'પટ્ટક'ને પ્રસારિત કરવાનું કામ ક્રિયોદ્ધારની સાથે સાથે તેઓશ્રીનાં શિષ્યરત્ન નિરીહ શ્રેષ્ઠ પંન્યાસ પ્રવર **શ્રીસત્યવિજયજી** મહારાજે કર્યું.

૪૫ બોલનાં આ સંવેગી સાધુ મર્યાદા પટ્ટકનું પ્રસારણ કર્યા પછી પાલન પણ કરાવ્યું. વર્તમાન પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો આ પટ્ટક હમણાં પણ એટલો જ આદરણીય અને ઉપાદેય છે.

વર્ષો પૂર્વે જૈન સત્યપ્રકાશ વગેરેમાં પ્રકાશિત હોવા છતાં પણ અહિં તેને યથામતિ સંશોધિત કરીને પુનઃ પ્રકાશિત કરવામાં આવે છે. આજનાં સંદર્ભમાં આવા પટ્ટકો એ આપણા માટે તો વિસરાયેલી વિરાસતો જેવા છે એનું જતન કરવું એ પણ આપણું પરમ કર્તવ્ય છે.

# સંવેગી સાધુ મર્યાદા પટ્ટક

ભટ્ટારક શ્રીજગચ્ચંદ્રસૂરિ, ભટ્ટારક શ્રીસોમસુંદરસૂરિ, ભટ્ટારક શ્રી મુનિચંદ્રસૂરિ. ભટ્ટારક શ્રીઆણંદવિમલસૂરિ, ભટ્ટારક શ્રીહીરવિજયસૂરિ, ભટ્ટારક શ્રીવિજયદેવસૂરિ તત્ પટ્ટાલંકાર આચાર્ય શ્રીવિજયસિંહસૂરિપ્રણીત મર્યાદા પટ્ટકાનુસારેણ આચાર્ય શ્રીવિજયસિંહસૂરિપ્રસાદીકૃત જલ્પાનુસારેણ ગીતાર્થૈઃ સંયમધર્માર્થિનાં સંવિજ્ઞયતીનાં શુદ્ધમાર્ગપક્ષકૃતાં મધ્યસ્થાનાં સુવિહિત આચાર પાલના; (પાલનાર્થં) મૃજાદા (મર્યાદા) પટ્ટકો લિખ્યતે સંવત ૧૭૧૧ વર્ષે માઘ સિત (૧૩) ત્રયોદશી ગુરુ પુષ્યે.

૧—સર્વ ગીતાર્થની નિશ્રાયેં જ સર્વં કોણેં વિહાર કરવો.

૨—ગીતાર્થને પૂછ્યા વિનાં કીસિ પ્રરૂપણા ન કરવી.

૩—યથાશક્તિ નિત્ય ભણવાનો, ભણાવવાનો, લિખવાનો, લિખાવવાનો, અર્થ ધારવાનો કહેવાનો ઉદ્યમ કરવો. જ્ઞાનાચારમાં છતિ શક્તિ ગોપવવી નહિ.

૪—જોગ વહ્યા વિના કોય સૂત્ર સિદ્ધાંત ન વાંચવો.

૫—તથા દિન પ્રત્યે મુલગેં ભાંગે ૨૫૦૦ ગણવી જોઇએ, જઘન્ય પદેં ઉષ્ણકાલેં ૩૦૦, વર્ષાકાલે ૫૦૦, શીતકાલે ૮૦૦ ગણવી. (તેટલી ગાથાનો સ્વાધ્યાય કરવો)

૬—તથા દિન પ્રતિં છતિ શક્તિએ જોગવાહીએ દેહરેં દેવ જુહારવા.

૭—તથા દિન પ્રતેં થોઇં ૮ ત્રિકાલ દેવ વાંદવા, જઘન્ય પદે ૧ વાર.

૮—તથા વહોરવા જતાં તથા સ્થંડીલે જતાં વાટેં સર્વથા કુણેં ન બોલવું, કદાપિ બોલવાનું કારણ હોય તો એક પાસે ઉભા રહીને બોલવું.

૯—તથા પ્રતિદિન યથાપર્યાઇં મુનિને વાંદવા.

૧૦—તથા વસ્તિ મધ્યે અણપુંજ્યું ન હીંડવું. (ન ચાલવું)

૧૧—તથા ઉઘાડે મુખેં બોલવું નહિં તથા ક્રિયા કરતાં ને આહાર કરતાં બોલવું નહિં.

૧૨—તથા વાણિયા ને બ્રાહ્મણને ઘરે આહાર લેવો, પણ જિહાં દૂગંછા ઉપજેં તિહાં સર્વથા ન જવું ને આહાર પણ ન લેવો.

૧૩—તથા એકલા ગોચરી ન કરવી, સર્વથા કાર્ય વિના.

૧૪—તથા બીજા પાણીને લાભે કુંડાનું ધોવણ કે જરવાણી ન વહોરવું.

૧૫—તથા એષણાશુદ્ધિ યથાશક્તિ કરવી તિહાં અસમંજસપણું ન કરવું.

૧૬—ઉપધિ પ્રમુખ પુંજી પડીલેહી લેવાં મુકવાં, ઉપગરણ પાત્રાં ઉભય ટંક પડિલેહવાં.

૧૭—વર્ષાકાલે વસતી ત્રિણ વાર પૂંજવી, કંબલ મુંકવી.

૧૮—અવિધિએ વ્હોરેલો આહાર પરઠવાય તો બીજે દિને આંબિલ કીજેં, ઘણી અજયણાવાળી વસ્તુ પરઠવાય તો પાંચ દિવસ સુધી તે વસ્તુ ન લેવી.

૧૯—તથા તળીયા ઉપરાંત પગ કુણે ન ધોવા.

૨૦— વર્ષમાં બે વાર ક્ષાર વિના જયણાપૂર્વક વસ્ત્ર ધોવા, અકાળે ઉપધિ ધોવે તો તેને (કલ્પ) વસ્ત્રની સંખ્યાએ બે-બે નીવિ અને ચોલપટ્ટે એક નીવિ આપવી.

૨૧—જે વાતેં દાનાદિકનો નિષેધ પરનેં થાએ, પરનેં અપ્રીતિ ઉપજે, નામ લેઈ પરની નિંદા થાએ, તે વચન સર્વથા ન બોલવું.

૨૨—તથા વડાને દેખાડ્યા વિનાં આહાર ન લેવો.

૨૩—તથા શય્યાતર પૂછીને વહોરવાને કાજે જાવું.

૨૪—તથા એકલી સ્ત્રી સાથે આલાપ ન કરવો.

૨૫—તથા વસ્ત્ર પાત્ર આઘેંપાછેં ન બાંધી મુંકવો, વાટે સુખે નિર્વાહ થાય, બે ટંક પડિલેહણાએ પલિમંથ ન થાયે તે જ રાખવું.

૨૬—તથા સાધુ સાધ્વી પોતાના કોઈ ઉપકરણ મૂકીને યાત્રાદિ કરવા જાય તો માસ-૨ની અંદર તેની સંભાળ લેવી નહીં તો પછી બીજાને વાપરવા દેવા.

૨૭—તથા ગૃહસ્થને ઘેર પુસ્તક સીવીનેં ન મુકવું, જ્ઞાનાદિકની વૃદ્ધિને અર્થે રાખવું પણિ મૂર્છાઇ ન રાખવું. છૂટું રાખવું જેથી બીજા લાભ લઈ શકે.

૨૮—તથા કારણ વિના માટીનું ભાજન ન રાખવું.

૨૯—તથા દિવસમાં ૨ ઘડી પહેલી, બે ઘડી પાછલી આહારપાણી આશ્રીને સાચવવી, વિશેષ કારણેં પાણી સૂર્ય ઉદિત અસ્તવેલા જોવી.

૩૦—તથા અટવ્યાદિકના કારણ વિના મારગાતીત કાલાતીત વારિ (પાણી) ન રાખવું.

૩૧—તથા વધતું ખરડ્યું સાટિઉં કુંણે કોઇને ન દેવું, ગુરવાદિક કારણેં આપે તો મોકળું.

૩૨—તથા અનાચરણ વસ્તુ ન વહોરવી-શિતકાલ વિનાં ખજુર ખલેલાં દ્રાખ, આદ્રા બેઠા પછી કાચી ખાંડ કારણ વિનાં અણજોઇ ન વહોરવી અને ખસઆરીનાં સેલડી સર્વથા ન વોહરવી.

૩૩—તથા દિન પ્રતેં છતી શક્તિ મારગાદિકના કારણ વિનાં એકાસણાદિ તપ સાચવવાં.

૩૪—તથા માસ મધ્યે અધિક સામર્થે ઉપવાસ પહોંચાડવા, પાંચ પરવી વીગયોં ન લેવી, કારણ વિના.

૩૫—તથા નીવી મધ્યે તિથિએ નીવીયાતાં ૩ આંતરે લેવા ઉપરાંત નહીં.

૩૬—તથા દિન પ્રત્યેં કોઇ અભિગ્રહ રાખવો.

૩૭—તથા અકાલ સંજ્ઞાએ (રાતે સ્થંડિલ જવું પડે તો) આંબિલનો તપ કરવો.

૩૮—ચૌમાસી સંવત્સરીના છઠ્ઠ અઠ્ઠમ યથાશક્તિએ કરવા.

૩૯—દિન પ્રત્યેં છતિ શક્તિંએ કાઉસગ્ગ લોગસ્સ ૧૦ તથા ૨૦નો કરવો.

૪૦—યથાપર્યાયેં બાલ-ગ્લાનાંદિકનું વૈયાવચ્ચ કરવું, છતી શક્તિ ગોપવવી નહીં.

૪૧—તથા દશવિધ સમાચારી વિશેષેં પાલવી.

૪૨—તથા માસ કલ્પાદિ નિયમ સાચવવા.

૪૩—તથા ગીતારથના કહ્યા વિના કોઇએ પોતાની ઈચ્છાએ એકલો વિહાર ન કરવો, નેં જે વિહાર કરેં તેસ્સું આહાર વ્યવહાર ન કરવો.

૪૪—તથા તપગછની સામાચારી ઉપરાંત પંચાંગી પરી, તથા વીતરાગની પૂજા પ્રતિમા ઉપરે જેહનેં અવિશ્વાસ જાણીંઇ જેહની ખોટી પરૂપણા હોઇં તેહસ્યું સર્વથા વ્યવહાર ન કરવો.

૪૫—તથા આ બોલ જે સઘલા જો ન પાલે તેહને પાયશ્ચિત દેવું. સર્વથા નિશૂક હોય તો તેસ્યૂં વ્યવહવાર ન કરવો, એ બોલ સર્વમાં ક્ષેત્રાદિક કારણ જાણી વિશેષ ગીતાર્થની સંમતિ, જી વારેં જે જયણા પ્રવર્તે તે વારી સર્વશાસ્ત્રોક્ત ઉત્સર્ગ અપવાદ રીતિ પ્રમાણ કરવી, પણ તેમની આજ્ઞા વિના કુંણે કોઈને મુંઢે નવી કલ્પના ન કરવી, એ બોલ સર્વ સહુ કોઇ સંવેગીઇં સદહવા, પાલવા.

॥ ઇતિ સુવિહિતસાધુમર્યાદાપટ્ટકઃ સંપૂર્ણ ॥

## પ.પૂ. નિસ્પૃહશીલ આ.ભ. ગુરુદેવ શ્રીજગચ્ચન્દ્રસૂરીશ્વરજી મહારાજ (ડહેલાવાળા) સૂરિપદપ્રદાનરૌપ્યમહોત્સવ (વિ.સં. ૨૦૫૫ - ૨૦૮૦)નાં ઉપલક્ષમાં

## જૈનાચાર્ય શ્રીજગચ્ચન્દ્રસૂરિ-સૂરિપદ રૌપ્યવર્ષ ગ્રન્થપુષ્પમાળાનો શુભારંભ

## તદન્તર્ગત પ્રકાશિત થનારા ગ્રંથોની યાદી :

- શ્રી હૈમવિભ્રમ - (શ્રીગુણચન્દ્રગણિકૃત તત્ત્વપ્રકાશિકા ટીકા અને શ્રીજિનપ્રભસૂરિકૃત વૃત્તિ સમેત - અનેક હસ્તપ્રતો દ્વારા લિપ્યંતર - સંશોધન - સંપાદન)
- શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્ર - શ્રીબ્રહ્મર્ષિકૃત ટીકા (અદ્યાવધિ અપ્રગટ અનેક હસ્તપ્રતો દ્વારા લિપ્યંતર - સંશોધન - સંપાદન)
- શ્રી અન્યયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકા - અજ્ઞાનકર્તૃક અપ્રગટ અવચૂરિ સહ - (હસ્તપ્રત દ્વારા લિપ્યંતર - સંશોધન - સંપાદન)
- શ્રી પ્રજ્ઞાપના સૂત્ર - સટીક હિન્દી અનુવાદ
- શ્રી દ્વાદશારનયચક્ર - પ્રથમઅર હિન્દી અનુવાદ સવિવેચન
- પં. શ્રી રૂપવિજયજી મહારાજ કૃત<br>વિમલમંત્રીરાસ<br>(અદ્યાવધિ અપ્રગટ હસ્તપ્રતો દ્વારા લિપ્યંતર - સંશોધન - સંપાદન)
- શ્રી સિદ્ધહેમચન્દ્ર શબ્દાનુશાસન બૃહન્ન્યાસ - (અધ્યાય-૩-પાદ-૪નો અદ્યાવધિ અપ્રગટ બૃહન્ન્યાસ)
- સપ્તનયરાસ - ગુજરાતી વિવેચન ભા. ૧,૨.
- પં. શ્રીરત્નવિજયજી મહારાજ કૃત<br>આર્ય અનાર્ય દેશજ્ઞાપક ચર્ચાપત્ર
- મુહપત્તી ચર્ચાસાર સંગ્રહ

- પં. શ્રીરત્નવિજયજી મહારાજનું જીવનચરિત્ર
- પં. શ્રીધર્મવિજયજી મહારાજનું જીવનચરિત્ર
- અપ્રતિમપ્રતિભાસંપન્ન પ.પૂ. આ. શ્રીસુરેન્દ્રસૂરીશ્વરજી મહારાજનું સંશોધિત જીવનચરિત્ર
- ક્રિયારત્ન સમુચ્ચય (અનેક હસ્તપ્રતો દ્વારા લિપ્યંતર - સંશોધન - સંપાદન)
- શ્રી ચાણસ્મા જૈન હસ્તપ્રત જ્ઞાનભંડાર સૂચિપત્ર

## આ. શ્રીસુરેન્દ્રસૂરીશ્વરજી જૈન તત્ત્વજ્ઞાન શાળાનાં પ્રકાશનો અંતર્ગત
## "સૂરિરામ" પુણ્યસ્મૃતિ ગ્રંથાવલિનાં પ્રકાશનો

| | | |
|---|---|---|
| ૧. | हैमविभ्रम | संस्कृत |
| ૨. | कविकल्पद्रुम | संस्कृत |
| ૩. | આર્હત્ દર્શન દીપિકા | ગુજરાતી |
| ૪. | ગુરુરામ સંસ્મરણ યાત્રા | ગુજરાતી |
| ૫. | ગુરુરામ સંસ્મરણ રાસ | ગુજરાતી |
| ૬. | भव आलोचना | हिन्दी |
| ૭. | सम्यक्त्व मूल बार व्रत की संक्षिप्त जानकारी | हिन्दी |
| ૮. | હિમાલયની ગોદમાં અષ્ટાપદની શોધમાં | ગુજરાતી |
| ૯. | हिमालय की गोद में अष्टापद की शोघ में | हिन्दी |
| ૧૦. | नव्यन्यायभाषाप्रदीप | संस्कृत |
| ૧૧. | Catalogue of Palm-Leaf Manuscripts With Basic Manuscriptolopy | English |
| ૧૨. | अनुयोग द्वारसूत्र सटीक अनुवाद भा. १, २. | प्राकृत-संस्कृत-हिन्दी |
| ૧૩. | ભવ આલોચના | ગુજરાતી |
| ૧૪. | બારવ્રત | ગુજરાતી |
| ૧૫. | અધ્યાત્મકલ્પદ્રુમ (ચોપાઈ - અર્થ સાથે) | प्राकृत-ગુજરાતી |
| ૧૬. | જૈનાગમશબ્દસંગ્રહ - અર્ધમાગધી ગુજરાતી કોશ | प्राकृत-ગુજરાતી |
| ૧૭. | शक्रस्तव (मूल) | संस्कृत |
| ૧૮. | આનંદઘનચોવીશી સાર્થ | ગુજરાતી |
| ૧૯. | शक्रस्तव (ગુજરાતી અનુવાદ સહ) | संस्कृत-ગુજરાતી |
| ૨૦. | श्री श्रीपालराजा का रास | हिन्दी |
| ૨૧. | GOOD MANNERS | |
| • | આ નિશાનીવાળા પુસ્તકો અપ્રાપ્ય છે. | |

## આ. શ્રીસુરેન્દ્રસૂરીશ્વરજી જૈન તત્ત્વજ્ઞાન શાળાનાં
## ઉપલબ્ધ અન્ય પ્રકાશનો

| | | |
|---|---|---|
| ૧. | સુવર્ણાક્ષરીય કલ્પસૂત્ર (પ્રત) | સંસ્કૃત |
| ૨. | ઉપદેશપ્રાસાદ (પ્રત) ભાગ ૧ થી ૪ | સંસ્કૃત |
| ૩. | ચતુર્વિંશતિ જિન ચરિતાનિ | સંસ્કૃત |
| ૪. | પ્રમાણનયનતત્ત્વલોકાલંકાર (મૂલ + અવચૂરિ) | સંસ્કૃત |
| ૫. | અધ્યાત્મ કલ્પદ્રુમ (મૂલ) | સંસ્કૃત |
| ૬. | અધ્યાત્મ સાર (મૂલ) | સંસ્કૃત |
| ૭. | પારમર્ષ સ્વાધ્યાય (મૂલ) | સંસ્કૃત |
| ૮. | શ્રીશ્રુતજ્ઞાન અમીધારા | સંસ્કૃત |
| ૯. | શ્રી જૈન ધર્મ પ્રકરણ રત્નાકર | ગુજરાતી |
| ૧૦. | ધાતુ રૂપાવલી | સંસ્કૃત |
| ૧૧. | ગુણવૈભવ પરમ વિભૂતિનો | ગુજરાતી |
| ૧૨. | સમ્યગ્દર્શન | ગુજરાતી |

## (ટાઈટલ પેજ નં. ૩)

## આ શ્રેણીની વિશેષતાઓ :

- સંવેગીપરંપરાનાં પ્રભાવક પૂજ્યોની અદ્યાવધિ અપ્રગટ કૃતિઓનું પ્રકાશન
- વર્ષો પૂર્વે પ્રકાશિત હોવા છતાંય હાલમાં અજ્ઞાત એવી પ્રગટ કૃતિઓનું પણ પ્રકાશન
- સંવેગીપરંપરાનાં પ્રભાવક મહાપુરુષોનાં જીવનની જાણી-અજાણી અનેક માહિતીઓનું પ્રકાશન
- સંવેગી પરંપરાનાં પૂજ્યોની વિશિષ્ટ શાસન પ્રભાવનાની વિગતો
- ક્રિયોદ્ધારક પં. શ્રી સત્યવિજયજી મ.થી માંડીને પ્રત્યેક પૂજ્યોની વંશપરંપરાની યથાશક્ય પ્રસ્તુતિ
- સંયમશુદ્ધિ-સદાચારવૃદ્ધિ અને આત્મસમૃદ્ધિપરક વાતો
- આપણા સહુનાં આસન્ન ઉપકારી જેઓનાં ધન્ય નામથી આજે ચારેકોર પં. શ્રી ધર્મવિજયજી મ. (ડહેલાવાળા)નો સમુદાય પ્રખ્યાત છે એવા પૂજ્ય દાદા ગુરુદેવશ્રી તપાગચ્છાધિરાજ સન્માર્ગસંરક્ષક આચાર્યપ્રવર **શ્રીરામસૂરીશ્વરજી** મહારાજા (ડહેલાવાળા) સંબંધી અનેક અપ્રગટ વાતો.

અને આ સિવાય પણ બીજુ ઘણુ... બધુ...

## (ટાઈટલ પેજ નં. ૪)
## આ જ શ્રેણીમાં....

- સંવેગીપરંપરાકૃતિ સંદોહ - ૨ (ગહુંલી સંગ્રહ - પૂર્વાર્દ્ધ)
- સંવેગીપરંપરાકૃતિ સંદોહ - ૩ (ગહુંલી સંગ્રહ - ઉત્તરાર્દ્ધ)
- સંવેગીપરંપરાકૃતિ સંદોહ - ૪ (સમેતશિખર સ્તવન સંગ્રહ)
- સંવેગીપરંપરાકૃતિ સંદોહ - ૫ (પં. શ્રીપદ્મવિ. મ. આદિનાં પત્ર સંગ્રહ)
- સંવેગીપરંપરાકૃતિ સંદોહ - ૬ (સંઘવર્ણન સ્તવન સંગ્રહ)
- સંવેગીપરંપરાકૃતિ સંદોહ - ૭ (પં. શ્રીસત્યવિજયજી મ. તથા તેઓશ્રીની પટ્ટપરંપરાવર્તી પૂજ્યોનાં પગલાઓની પ્રશસ્તિ લેખ વગેરેનો સંગ્રહ)
- સંવેગીપરંપરાકૃતિ સંદોહ - ૮ (પં. શ્રીઉત્તમવિજયજી મ. રચિત સંયમશ્રેણિગર્ભિત મહાવીર જિનસ્તવન સ્વોપજ્ઞ બાલાવબોધ સમેત)
- સંવેગીપરંપરાકૃતિ સંદોહ - ૯ (શંખેશ્વરપાર્શ્વનાથ સ્તવન સંગ્રહ)
- સંવેગીપરંપરાકૃતિ સંદોહ - ૧૦ (પં. શ્રી રુપવિજયજી મ. કૃત સમવસરણસ્તવ - બાલાવબોધ સહ)

॥ નમો નમઃ શ્રીગુરુજગચ્ચન્દ્રસૂરયે ॥

**પ.પૂ. શાસન પ્રભાવક આચાર્ય ભ. શ્રી**
**પંન્યાસ પ્રવર શ્રી/ગણિવર્ય શ્રી**
**મુનિરાજશ્રી/સુશ્રાવકશ્રી**

સાદર વંદના/અનુવંદના સહ શાતામાં હશો.

અત્ર અમે પણ પૂજ્ય ગુરુદેવશ્રીની કૃપાથી શાતામાં છીએ.

આ સાથે આપશ્રીનાં કરકમળમાં સંવેગી પરંપરાકૃતિસંદોહ-૧ સાદર સમર્પિત છે... જેમાં સંવેગી પરંપરામાં થયેલા પ્રભાવક પૂજ્યોની અપ્રગટ અને પ્રગટ હોવા છતાં પણ અજ્ઞાત એવી કૃતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

છેલ્લા ઘણા વર્ષોથી સંવેગીપરંપરાનાં મહાપુરુષોની રચનાઓ મેળવવા માટેની મહેનત ચાલુ હતી એના પરિપાક રૂપે આ પ્રથમ પુષ્પ તૈયાર થયું છે. હવે આગળ એક પછી એક ભાગ રૂપે સઘળીયે કૃતિઓ પ્રકાશિત થશે...

આપની પાસે પણ સંવેગીપરંપરાનાં પૂ.પં. શ્રી સત્યવિ.જી મ.થી લઈને પૂ.પં. શ્રી ધર્મવિ.જી મ.ની કોઈપણ અપ્રગટ કે પ્રગટ હોવા છતાં પણ વર્તમાનમાં અપ્રખ્યાત કે અપ્રાપ્ય કૃતિઓ હોય કે પછી તેની હસ્તપ્રત વગેરે હોય તે પાઠવશો.

આ શ્રેણીમાં તેનું પ્રકાશન આપશ્રીનાં નામોલ્લેખ સાથે કરવામાં આવશે...

આ સંબંધમાં અન્ય પણ કોઈ માહિતી આપની પાસે હોય તો અચૂક પ્રેષિત કરશો.

તત્રસ્થિત સર્વ મુનિવૃંદનાં સ્વાધ્યાયાદિની અગણિત અનુમોદના સહ સર્વને વંદના સહ શાતાપૃચ્છા.

અત્રાર્હ કાર્યસેવા ફરમાવશો.

આપનો અભિપ્રાય પત્રોત્તર રૂપે અવશ્ય પ્રદાન કરશો.

શેષ શુભ બસ એ જ.

**પત્ર વ્યવહાર માટે સંપર્ક :**
પૂ. આ. વિજયજગચ્ચન્દ્રસૂરીશ્વરજી મ.સા. (ડહેલાવાળા)
C/o. સુરેશ કે. શાહ
૩૦૧, સુરેશ સદન, દૌલત નગર, રોડ નં.૪, બોરીવલી (ઈસ્ટ) મુંબઇ-૪૦૦૦૬૬M
Mo.: 98191 89573